**આજનો સુવિચાર**

જીવનમાં ભુલો તો થતી હોય છે પરંતુ માણસને ઓળખવામાં થતી ભુલ સૌથી વધુ દુ:ખદાયક હોય છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૯૯ જૂનાગઢ તા.૦૮-૮-૨૦૨૩ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 199, Junagadh : Date : 08 August, 2023, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

# સંસદમાં અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા શરૂ : કોંગ્રેસનાં ગૌરવ ગોગોઈ દ્વારા પ્રારંભ

## અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા પહેલા ભાજપ સંસદીય પક્ષની બેઠકમાં વડાપ્રધાને ઈન્ડીયાને ઘમંડીયા ગઠબંધન ગણાવ્યું : વિપક્ષ પર તુષ્ટીકરણની રાજનીતિ કરવાનો આરોપ મુકતા છેલ્લા બોલે સિકસર મારવાની તક ગણાવી



(દિલ્હી બ્યુરો) નવી દિલ્હીતા.૮

દેશનાં રાજકીય તખ્તા પર જેની ભારે ચર્ચા થઈ રહી છે મોદી સરકાર વિરૂધ્ધનાં વિપક્ષનાં અવિશ્વાસ પ્રસ્તાવ પર આજે બપોરે ૧૨.૦૦ કલાકથી ચર્ચા શરૂ થઈ ગઈ છે. રાહુલ ગાંધીનું સંસદ સભ્ય પદ ગઈકાલે સત્તાવાર રીતે બહાલ થઈ ગયા બાદ વિપક્ષોએ તેમની રણનીતિનાં પ્રહાર રૂપે અવિશ્વાસ પ્રસ્તાવ મુકનાર કોંગ્રેસનાં સાંસદ ગૌરવ ગોગોઈ બાદ રાહુલ ગાંધીને બીજાક્રમે સંબોધનની તકઆપી એક ચોકકસ સંદેશ આપ્યો છે તેવું રાજકીય વિશ્લેષકોમાની રહયા છે. રાહુલ ગાંધી દ્વારા અવિશ્વાસ પ્રસ્તાવની ચર્ચામાં ભાગ લેવાની બાબતને વિપક્ષોએ તેને નૈતિકવિજય તરીકે ગણાવ્યું છે. અવિશ્વાસ પ્રસ્તાવ પર ૧૨ કલાક ચર્ચા ચાલશે અને તા.૧૦ઓગષ્ટેવડાપ્રધાન મોદીતેનો જવાબઆપશે. વિપક્ષનો અવિશ્વાસ પ્રસ્તાવ એક રીતે માત્ર ઔપચારીક જ છે કારણ કે મોદી સરકાર - એનડીએ સરકારનું સંખ્યાબળ ૩૬૫ છે. જયારે ઈન્ડીયા ગઠબંધનનું સંખ્યાબળ ૧૫૬ છે તેથીનિશ્ચિતપણે અવિશ્વાસ પ્રસ્તાવમાત્ર ઔપચારીક સાબીત થશે એટલે કે સરકારને કોઈ આંચ નહીઆવે.પરંતુ વિપક્ષનો હેતુ અવિશ્વાસ પ્રસ્તાવ દ્વારા સરકારને ઘેરવાનો છે અનેજેમુદાઓ અનો પ્રશ્નથી સરકાર ભાગી રહી હતી તે અંગે સંસદમાં હવે ખુલીને ચર્ચા થશે.ખાસ કરીને મણિપુરનાં મુદાપર વિપક્ષોનું વલણ અત્યંતઆક્રમક છે અનેસરકારને ઘેરવાનો શાણસાવ્યુહ બનાવ્યો છે. મોદી સરકાર સામેનાં અવિશ્વાસપ્રસ્તાવને કોંગ્રેસનાં સાંસદ ગૌરવ ગોગોઈ દ્વારા લાવવામાં આવ્યોછે. દરમ્યાનમાં અવિશ્વાસ પ્રસ્તાવ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભાજપ સંસદીય પક્ષની બેઠકને સંબોધન કર્યુ હતું. જેમાં વડાપ્રધાને કહયું કે,આ ઈન્ડીયા ગઠબંધન નહી પરંતુ ઘમંડીયા ગઠબંધન છે. તેમજ વિપક્ષ તુષ્ટીકરણની રાજનીતિ કરી રહયું છે તેવું તેમણે જણાવ્યું હતું. વડાપ્રધાને વધુમાં અવિશ્વાસ પ્રસ્તાવને વિપક્ષ સામે છેલ્લા બોલે સિકસર મારવાની તક તરીકે વર્ણવ્યું હતું. તેમણે જીત માટે પરીવારવાદ, ભ્રષ્ટાચારછોડો તેવો વિજયમંત્ર આપ્યો હતો. વડાપ્રધાને વધુમાં એવું જણાવ્યું હતું કે, ઘમંડીયા શકિતને એકતાથીજવાબ આપો. તેમણે વધુમાં કહયુંકે,વિપક્ષને ગઈકાલે સેમીફાઈનલ રમવાનું મનહતું તેનું પરીણામ સામે આવી ગયું છે.

## રાજયસભામાંથી ટીએમસીનાં સાંસદ ડેરેક ઓબ્રાયન સમગ્ર ચોમાસુ સત્ર સુધી સસ્પેન્ડ

નવી દિલ્હી તા.૮

આજે અવિશ્વાસ પ્રસ્તાવ ઉપર ચર્ચા શરૂ થાય તે પહેલા જ રાજકીય માહોલ ગરમાઈ ગયું છે. રાજયસભામાં ભારે ધમાલને પગલે રાજયસભાનાં અધ્યક્ષ જગદીપ ધનખડે તૃણમુલ કોંગ્રેસનાં સાંસદ ડેરેક ઓ બ્રાયનાને રાજયસભામાંથી સમગ્ર સત્ર માટે સસ્પેન્ડ કરી દીધા છે. ડેરેક બ્રાયનને સસ્પેન્ડ કરી દેવામાંઆવતા વિપક્ષોમાં ખળભળાટ મચીગયો છે. રાજયસભાની કાર્યવાહી બપોરનાં૧૨.૦૦ વાગ્યા સુધી સ્થગીત કરી દેવામાંઆવી હતી. જયારેલોકસભામાં પણ પ્રશ્નકાળ દરમ્યાન હોબાળો થતાં ગૃહની કાર્યવાહી ૧૨.૦૦ વાગ્યા સુધી સ્થગીત કરવામાં આવી હતી.

## મોંઘવારીનું તાંડવ નૃત્ય : ટમેટાનાં ભાવોએ હોળી સળગાવતા વેજ. થાળી ૩૪ ટકા મોંઘી બની

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૮

સામાન્ય માણસ પર મોંઘવારીનો બોજ અસહ્ય રીતે વધી ગયો છે. શાકભાજી, મસાલા અને કઠોળના ભાવોમાં વધારાને કારણે ભારતીય રસોડામાં શાકાહારી અને માંસાહારી બંને પ્લેટના ભાવમાં અનેકગણો વધારો થયો છે. ટામેટાં, આદુ અને મસાલા જેવી જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ વધારાથી સામાન્ય માણસની થાળી મોંઘી થઈ ગઈ છે. ભારતમાં શાકાહારી થાળીની કિંમત જૂનની સરખામણીમાં જુલાઈમાં ૩૪ટકા વધી છે. ક્રિસિલે સોમવારે જાહેર કરેલા ફૂડ પ્લેટ કોસ્ટના માસિક સૂચકમાં આ માહિતી આપી છે. તે જ સમયે, નોન વેજ થાળી ૧૩ ટકા મોંઘી થઈ ગઈ છે.

ક્રિસિલ દ્વારા બહાર પાડવામાં આવેલા માસિક સૂચક મુજબ, ટામેટાંના ભાવમાં લાગેલી આગથી સ્વાદ તેમજ રસોડાના બજેટને સંપૂર્ણપણે બગાડવામાં આવ્યું છે અને શાકાહારી પ્લેટની કિંમતમાં ૨૫ટકા વધારો ટામેટાંની મોંઘવારી માટે જવાબદાર હોઈ શકે છે. ટામેટાંનો જથ્થાબંધ ભાવ જૂનમાં રૂા. ૩૩ પ્રતિ કિલોથી વધીને જુલાઈમાંરૂા. ૧૧૦ પ્રતિ કિલો થયો છે. આ સતત ત્રીજો મહિનો છે જયારે શાકાહારી થાળીના ભાવમાં વધારો થયો છે. તે જ સમયે, ૨૦૨૩-૨૪માં આપ્રથમ વખત છે, જયારે પ્લેટની કિંમત દર વર્ષે વધી છે. આ ઉપરાંત માંસાહારી થાળીના ભાવમાં પણ વધારો થયો છે, પરંતુ તે દર મહિને માત્ર ૧૩ટકા જ વધ્યો છે. આ ગતિ ધીમી છે કારણ કે જુલાઈમાં બ્રોઈલર એટલે કે ચિકનની કિંમતમાં ૩-૫%નો ઘટાડો થયો છે, જે નોન-વેજ થાળીના ખર્ચના ૫૦ટકા કરતા વધુ છે. સામાન્ય રીતે વેજ થાળીમાં દાળ, રોટલી, શાકભાજી (ડુંગળી, ટામેટા અને બટેટા), દહીં અને સલાડનો સમાવેશ થાય છે. રિપોર્ટમાં નોન-વેજ થાળીમાં દાળની જગ્યાએ ચિકન મૂકવામાં આવ્યું છે.

## દેશમાં જીડીપીમાં ગુજરાતનો બીજો નંબર પરંતુ ગરીબી ઘટાડવાનાં મામલે ટોપ-૧૫માં પણ નહી

અમદાવાદ તા.૮

ગુજરાત ગ્રોસ સ્ટેટ ડોમેસ્ટિક પ્રોડક્ટમાં દેશમાં બીજા નંબરે આવે છે, પરંતુ જો ગરીબીમાંથી બહાર નીકળવું, પોષણયુક્ત આહાર, શિક્ષા, આરોગ્ય અને જીવનની ગુણવત્તા વધારાની વાત કરીએ તો ગુજરાત દેશમાં ટોપ ૧૫ રાજ્યમાં પણ શામેલ નથી. આ કોઈ વિપક્ષ પાર્ટી દ્વારા નહીં, પરંતુ ભારત સરકારના નીતિ આયોગ દ્વારા જુલાઈ ૨૦૨૩માં બહારપાડવામાં આવેલું નેશનલ મલ્ટીડાયમેન્શનલ પોવર્ટીઈન્ડેક્સ રિપોર્ટમાં સામેઆવ્યું છે.

મોટા અને સમૃદ્ધ સ્ટેટ, જેમ કે મહારાષ્ટ્ર જેની GSDP ૪૦૦ ડોલર બિલિયન પ્લસ છે અને ૧૫૦બિલિયનપ્લસ સાથે ગુજરાત બીજા ક્રમે છે. મહારાષ્ટ્રમાં ૭.૮૧ ટકા લોકો મલ્ટીડાયમેન્શનલ પોવર્ટીમાં આવે છે. ગુજરાતમાં આ સંખ્યા ૧૧.૬૬ ટકા છે. ગુજરાતમાં ગરીબ લોકોની સંખ્યા સમૃદ્ધ નહી ગણાતા પ. બંગાળને સમકક્ષ છે, જે ૧૧.૮૯ ટકા છે.

નોંધનીય છે કે નીતિ આયોગના રિપોર્ટ પ્રમાણે, પ.બંગાળ અને મહારાષ્ટ્ર બંને ગુજરાત કરતાં ઝડપથી MPIની બહાર નીકળી રહ્યાં છે. વર્ષ ૨૦૧૫-૨૦૧૬થી વર્ષ ૨૦૧૯-૨૧માં પ.બંગાળમાં ૯.૪૧ ટકા ગરીબી ઘટી, જેની સામે ગુજરાતમાં આ ઘટાડો ફક્ત ૬.૮૧ ટકા છે. ત્યારે મહારાષ્ટ્ર પણ ૬.૯૯ ટકા સાથે ગુજરાત કરતાં આગળ છે. બિહાર, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, ઓડિશા અને રાજસ્થાન પહેલાં પાંચ રાજ્યોમાં આવે છે, જેમણે આ સમયગાળા દરમિયાન ગરીબીમાં ૧૮.૧૩ ટકાથી ૧૩.૫૬ ટકાનો ઘટાડો કર્યો છે, જે જોતાં ગુજરાતનું સ્થાન આ લિસ્ટમાં ૧૬મા ક્રમે છે.

ગુજરાતની માથાદીઠ આવક પશ્ચિમ બંગાળ કરતાં વધારે છે, પરંતુ ગરીબી બંગાળમાં વધુ ઝડપથી ઘટી રહી છે. આંકડાશાસ્ત્ર અને મંત્રાલયના ૨૦૨૧-૨૨ના અંદાજા મુજબ ગુજરાતની માથાદીઠ આવક અથવા ચોક્કસ વર્ષમાં વ્યક્તિની સરેરાશ કમાણી ૨.૫ લાખ રૂપિયા, પશ્ચિમ બંગાળના રૂપિયા ૧.૨૪ લાખ કરતાં બમણી હોવા છતાં ગરીબ લોકોની સંખ્યા ઓછી કરવામાં વેસ્ટ બંગાળ આગળ છે.

## અંબાલાલની વધુ એક આગાહી : ઓગષ્ટમાં વરસાદનાં ચોથા રાઉન્ડમાં પણ ધોધમાર વરસાદ આવશે

રાજકોટ તા. ૮

હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે વરસાદને લઈને નવી આગાહી કરી છે. અંબાલાલ પટેલે કહ્યુંકે, ગુજરાતમાં ઓગસ્ટનો ચોથો રાઉન્ડ પણ ભારે વરસાદ લાવશે. આ સાથે જ તેમણે ઓગસ્ટમાં કેમ વરસાદ ઓછોરહેશે તેનુ કારણ પણ જણાવ્યું છે. અંબાલાલ પટેલે આગાહી કરી કે, જુલાઈની સરખામણીએ ઓગસ્ટમાં વરસાદ ઓછો વરસશે. જો કે ઓગસ્ટમાં પણ વરસાદના ભારે ઝાપટા વરસશે. બંગાળના ઉપસાગરમાંથી વેલમાર્ક લો પ્રસરે ઓગસ્ટમાં વરસાદી સિસ્ટમને ખોરવી નાંખી છે. આ ઉપરાંત પૂર્વીય દેશોમાં એક ચક્રવાતે પ.બંગાળના ઉપસાગરનો બધો વરસાદ ખેંચીલીધો છે. આજ કારણે વાતાવરણમાં ભેજ ઓછો છે. ગુજરાત અને મધ્યપ્રદેશ તરફ વરસાદ ઓછો પડશે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે રાજ્યમાં આગામી ૯ થી ૧૩ ઓગસ્ટ વચ્ચે અનેક વિસ્તારમાં વરસાદની આગાહી કરી છે. અંબાલાલના આંકલન મુજબ, ૯ ઓગસ્ટે વરસાદની એક સિસ્ટમ સર્જાતા ગુજરાતના વિવિધ ભાગોમાં હળવાથી ભારે વરસાદ પડશે. જો કે આ વરસાદ પૂર લાવે તેવો નહીં હોય, રાજ્યના અનેક વિસ્તારોમાં દોઢથી બે ઈંચ જેટલો વરસાદ આ સિસ્ટમ લાવશે. અંબાલાલ પટેલે આગાહી કરી છે કે આશ્લેષા નક્ષત્ર હોવાથી વરસાદ પાક માટે નુકસાનકારક છે. અમદાવાદ અને ગાંધીનગરમાં પણ મધ્યમ વરસાદ પડશે.

## ૧૧ ઓગષ્ટે રશિયા ચંદ્ર લેન્ડર લોન્ચ કરશે

મોસ્કો તા. ૮

રશિયાએ સોમવારે કહ્યું કે તે આ અઠવાડિયે ચંદ્ર લેન્ડર લોન્ચ કરવાની યોજના ધરાવે છે. આ લોન્ચ, જે શુક્રવારના પ્રારંભિક કલાકો માટે સુનિશ્ચિત થયેલ છે, ત્યારે આવે છે જ્યારે યુક્રેન સાથે રશિયાનું યુદ્ધ તેના બીજા વર્ષમાં પ્રવેશે છે, જે પશ્ચિમ સાથે ભારે તણાવને વેગ આપે છે.

૧૯૭૬ પછી પ્રથમલુના-૨૫ લેન્ડર સાથે, રશિયા સોવિયેત યુગના ચંદ્ર કાર્યક્રમને પુનર્જીવિત કરવા અને આગળ વધારવા માટે ઉત્સુક છે. રશિયન સ્પેસ એજન્સીએ જણાવ્યું કે લુના-૨૫ના પ્રક્ષેપણ માટે રશિયન દૂર પૂર્વમાંવોસ્ટોચની કોસ્મોડ્રોમ ખાતે સોયુઝ રોકેટને એસેમ્બલ કરવામાંઆવ્યું છે. રોસકોસમોસે એક નિવેદનમાં આ મુજબ જણાવ્યું હતું

## કેન્દ્ર સરકારે ૯ વર્ષમાં રૂા. ૯.૫૪ લાખ કરોડની લોનમાફ કરી

નવી દિલ્હી તા. ૮

મોદી સરકારે સોમવારે સંસદમાં જણાવ્યું હતું કે છેલ્લા ૯ નાણાકીય વર્ષ (૨૦૧૪-૨૦૨૩) દરમિયાન રૂા. ૧૪.૫૬ લાખ કરોડની બેડ લોન (એનપીએ)ને રાઈટ ઓફ કરવામાં આવી છે. કુલ ઋણમાંથી મોટા ઉદ્યોગોનું દેવું રૂ. ૭,૪૦,૯૬૮ કરોડ હતું. નાણા રાજય મંત્રી ભગવત કરાડે જણાવ્યું હતું કે અનુસૂચિત વાણિજ્ય બેંકોએ એપ્રિલ ૨૦૧૪ થી માર્ચ ૨૦૨૩ સુધીમાં કોર્પોરેટ લોન સહિતની લેખિત લોનમાંથી કુલ રૂા. ૨,૦૪,૬૬૮ કરોડની વસૂલાત કરી છે

તેમણે માહિતી આપી હતી કે નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮માં લેખિત લોન સામે લોનની વસૂલાત રૂા. ૧.૧૮ લાખ કરોડ હતી. જો કે, નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં આ વસૂલાત ઘટીને રૂા. ૦.૯૧ લાખ કરોડ અને નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં માત્ર રૂા. ૦.૮૪ લાખ કરોડ થઈ હતી. તેમણે કહ્યું કે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ખાનગી ક્ષેત્રની બેંકો દ્વારા કુલ લોન ૭૩,૮૦૩ કરોડ રૂપિયા હતી.

ભારતનો સુવર્ણ યુગ આવશે : અમેરીકા, જાપાન, કેનેડાની ઈકોનોમી હલબલી રહી છે

## ભારતની મોટાભાગની કાર્યકારી વસ્તી યુવાન અમેરીકા, જાપાન, કેનેડાની વસ્તી વૃધ્ધ

નવી દિલ્હી તા. ૮ :

ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા તરીકે ઉભરી આવ્યુંછે. વિશ્વ બેંકથીલઈને IMF સુધી તેઓએ આશા વ્યક્ત કરી છે કે ભારતીય અર્થવ્યવસ્થાની ગતિ ભવિષ્યમાં પણ એવી જ રહેશે. આવનારો સમય અમેરિકા, જાપાન, કેનેડા અને અન્ય યુરોપિયન દેશો માટે મુશ્કેલીભર્યો સાબિત થઈ શકે છે, પરંતુ ભારત માટે તે શાનદાર સાબિત થવાનો છે. વિશ્વના ઘણા દેશોમાં લોકો આર્થિક સંઘર્ષથી ઝઝૂમી રહ્યા હશે, આવી સ્થિતિમાં ભારત સહિત કેટલાક દેશો વધુ અમીરથવા જઈ રહ્યા છે. આવનારો સમય ભારત માટે વધુ સુવર્ણ થશે.

અત્યારે દુનિયામાં બે એવા પરિબળો છે, જે આવનારા સમયમાં અમેરિકા, કેનેડા, જાપાન અને અન્ય યુરોપીયન દેશો માટે મોટી મુસીબત બની જવાના છે, જયારે ભારત, વિયેતનામ અને ચીન જેવા દેશો માટે ફાયદાકારક સાબિત થશે. વાસ્તવમાં, નિષ્ણાતો કહે છે કે પશ્ચિમ સતત વૃધ્ધથઈ રહ્યું છે. કેનેડા, અમેરિકા અને યુરોપમાં વર્કિંગ પ્રોફેશનલ (કર્મચારીઓ)ની ઉંમર સતત વધી રહી છે. તેને સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો, આ દેશોમાં કામ કરતી વસ્તી સતત વૃદ્ધ થઈ રહી છે.

યુરોપિયન દેશોની સરખામણીએ એશિયાઈ દેશો આ મામલે રાહત અનુભવી રહ્યા છે. ભારતઅને વિયેતનામ જેવા દેશોમાં મોટાભાગની કાર્યકારી વસ્તી યુવાન છે.

અમેરિકા સહિત અન્ય યુરોપિયન દેશોમાં કર્મચારીઓની ઉંમરના આંકડા ચિત્ર સ્પષ્ટ કરે છે. વર્ષ ૨૦૨૦ના આંકડા અનુસાર, US (US)ના ત્રીજા કરતા વધુ (૩૭.૩ ટકા) કર્મચારીઓની ઉંમર ૫૦ વર્ષ અને તેથી વધુ છે, આવી સ્થિતિમાં કર્મચારીઓનો આ આંકડો લગભગ ૧૬.૧ મિલિયન છે. તે જ સમયે, લગભગ ૧૫ ટકા કર્મચારીઓ અથવા ૬.૪ મિલિયન કર્મચારીઓની ઉંમર ૬૦ વર્ષકે તેથી વધુ છે.




**ૐ નેચર કયોર સેન્ટર**
**ડો. સી.ડી. ઓઝા (N.D.)**

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ,ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
- કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

**જૂનાગઢમાં વેચવાનું છે**

(૧) ડો. જસાણીનું ચાર માળનું દવાખાનું, પોસ્ટ ઓફીસ રોડ
(૨) ગાંધીગ્રામ પોસ્ટ ઓફીસ પાસે ૫૦૦વારની જગ્યા, ૮ રૂમવાળી બેંકને લાયક વેચવાની છે.
(૩) ગાંધીગ્રામ કોન્વેન્ટ સ્કુલ સામે ૫૦૦ વારમાં ૧૦ દુકાનો, આઠ રૂમ વાળો બંગલો
(૪) દુકાન, મકાન, ફલેટ, જમીન લેવા-વેચવા માટે મળો.
(૫) ૩૨૦૦૦ ચાલેલી એસેન્ટ ગાડી
(૬) ગાંધીગ્રામમાં કોન્વેન્ટ સ્કુલ સામે આમ્રપાલી એપાર્ટમેન્ટમાં બીજા માળે ફલેટ વેચવાનો છે.
(૭) લોખંડનાં ઘોડા નંગ-૧૬ વ્યાજબી ભાવમાં વેચવાના છે.

સંપર્ક : મો. ૮૧૫૬૦ ૧૯૯૯૯

**લેવા-વેચવા**

લોકેશન વાડી ભાવમાં મિલ્કતો, ફલેટ, ડુપ્લેક્ષ, જમીન, દુકાન, બંગલા વગેરે તાત્કાલીક લેવા-વેચવા માટે સંપર્ક કરો

**મયંક એસ્ટેટ બ્રોકર**
**રસિકભાઈ પટેલ**
મો. ૯૫૮૯૩ ૪૧૦૨૧
૯૪૨૭૩ ૭૭૯૧૭

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં મંગલ પ્રવશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

**LEELA BIZOTEL**

LEELA BIZOTEL
President Hall, Meeaxi banquet
Sanprit Rooftop
91577 58158 / 91578 58158
Railway station Road,
Juagadh - 362001
info@leelabizotel.com

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
**દરેક જાગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**

# રાજકોટ જીવનનગરમાં સ્વાતંત્ર્ય પર્વની આન-બાન-શાનથી ઉજવણી થશે



## મંગળવારે રાષ્ટ્રીય પર્વ નિમિત્તે અનેકવિધ કાર્યક્રમો યોજાશે : અનિલ જ્ઞાન મંદિર, સ્વસ્તિક ગર્લ્સ હાઈસ્કૂલના છાત્ર-છાત્રાઓ રેલીમાં જોડાશે

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૮

ભારત જન વિજ્ઞાન જાથા અને જીવનનગર વિકાસ સમિતિ વોર્ડ નં.૧૦ જાગૃત નાગરિક મંડળ, મહાદેવધામ સમિતિ અને મહિલા મંડળ ઉપક્રમે સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે મહાદેવધામના પટાંગણમમાં ધ્વજવંદન સાથે રાષ્ટ્રીય એકતા રેલી, મશાલ સરઘસ, શૌર્ય ગીત, વેશભૂષા સહિત અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સમિતિ છેલ્લા ૪૧ વર્ષથી રાષ્ટ્રીય ત્યૌહારના આયોજનોમાં અગ્રેસર છે. જાથાના પ્રમુખ જયંત પંડયાએ જણાવ્યું કે જીવનનગરમાં સામાજિક, રાષ્ટ્રીય, સેવાકીય, સાંસ્કૃતિક ઉત્સવ અંતર્ગત કાર્યક્રમો યોજાય છે. ગુજરાતભરમાં સમિતિની પ્રવૃત્તિ અગ્રેસર છે. તા.૧૫મી મંગળવાર સવારે સાડા આઠ કલાકે જીવનનગર ચોકમાં દેશપ્રેમ-દેશદાઝ, રાષ્ટ્રીય પર્વ અન્વયે કાર્યક્રમો યોજાનાર છે. રાષ્ટ્રીય એકતા રેલી માર્ગો ઉપર નીકળી દેશપ્રમના સૂત્રોચ્ચાર કરશે. રહીશોના સંતાનો વેશભૂષા પરિધાન કરશે ઉપરાંત છાત્ર-છાત્રાઓનું સન્માન થશે. સમિતિએ જનજાગૃતિ માટે મશાલ સરઘસમાં જયોત પ્રગટાવી મહિલાઓ આગેવાની લેવાના છે. ભારતીય તિરંગા સાથે છાત્રાઓ અગ્રેસર રહેશે. રાષ્ટ્રીય પર્વમાં પ્રદેશ ભાજપના મંત્રી બીનાબેન આચાર્ય, કોર્પોરેટર ડો. રાજશ્રીબેન ડોડીયા, જયોત્સનાબેન ટીલાળા, ચેતનભાઈ સુરેજા, નિરૂભા વાઘેલા, શહેર ભાજપના ઉપપ્રમુખ કાશ્મીરાબેન નથવાણી, પૂર્વ શહેર ભાજપ ઉપપ્રમુખ પરેશભાઈ હુંબલ, પૂર્વ નગરસેવક નીતાબેન વઘાસીયા, અશ્વિનભાઈ ભોરણીયા, શહેર ભાજપના મંત્રી હરેશભાઈ કાનાણી, વિજયભાઈ પાડલીયા ખાસ હાજરી આપવાના છે. વોર્ડ નં.૧૦ના ભાજપના હોદ્દેદારોમાં પ્રમુખ રજનીભાઈ ગોલ, મહામંત્રી મેહુલભાઈ નથવાણી, રત્નદીપભાઈ, ઉપપ્રમુખ કિશોરભાઈ સોજીત્રા, અશ્વિનભાઈ કોરાટ, પ્રફુલાબેન મહેતા, મનીષભાઈ ડેડકીયા, મહેન્દ્રસિંહ ચુડાસમા, મંત્રી હેમાંગભાઈ માકડીયા, વશીષ્ઠભાઈ જોષી, બલરાજસિંહ રાણા, કિરણબેન શાહ, નીતુબેન કનારા, ચંદ્રિકાબેન દાફડા, કોષાધ્યાક્ષ ડો. આશીષભાઈ મકવાણા ધ્વજવંદનના કાર્યક્રમમાં હાજરી આપશે. અનિલ જ્ઞાન મંદિર અને સ્વસ્તિક ગર્લ્સ વિદ્યાલયના છાત્ર-છાત્રાઓ સાંસ્કૃતિક કાર્યક્રમ વિવિધતાથી આપશે. રાષ્ટ્રીય પર્વની તૈયારી મંત્રી અંકલેશ ગોહિલ, વિનોદરાય ભટ્ટ, કેતન મકવાણા, પંકજભાઈ મહેતા, ડો. તેજસ ચોકસી, વિનોદરાય ઉપાધ્યાય, મુકેશભાઈ પોપટ, પાર્થ ગોહેલ, ગોવિંદભાઈ ગોહેલ, વિજયભાઈ જોબનપુત્રા, અલ્કાબેન પંડયા, સુનિતાબેન વ્યાસ, હર્ષાબેન પંડયા સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યાં છે. અંતમાં જીવનનગર, જ્ઞાનજીવન, દેશળદેવ પરા, અમી પાર્ક, બ્રહ્મસમાજ, તિરૂપતિ, સૌ. કલા કેન્દ્ર, રાવલનગર, શિવપરા આસપાસના રહીશો ધ્વજવંદનમાં ભાગ લેવાના છે.

# અધિક શ્રાવણ માસ પવિત્ર મંગળવાર નિમિત્તે શ્રીકષ્ટભંજનદેવ દાદાને દિવ્ય શણગાર



(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર તા.૮

વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવ એવં શતામૃત મહોત્સવ સાળંગપુરધામ ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી(અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી અધિકમાસ પવિત્ર મંગળવારે તા.૮-૮-૨૦૨૩ના રોજ શ્રીકષ્ટભંજનદેવને વાઘાનો દિવ્ય શણગાર એવં પોપકોર્નનો શણગાર કરી સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી પૂજારી સ્વામી દ્વારા તથા ૭ કલાકે શણગાર આરતી પ.પૂ. કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા કરવામાં આવેલ હતી. અધિક શ્રાવણ માસ દરમ્યાન શ્રી હનુમાન ચાલીસા પાઠ અનુષ્ઠાનનું આયોજન કરવામાં આવેલ. તથા તેમજ મંગળવાર નિમિત્તે સાંજે મંદિરમાં શ્રી સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવેલ હતું. મંદિરના પટાંગણમાં મારૂતિ યજ્ઞનું આયોજન કરવામાં આવેલ હતું. હજારો ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન આ અનેરા દર્શનનો તેમજ મહાપ્રસાદનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કરેલ હતો.

# માંગરોળમાં રોજમદાર સફાઈ કામદારોએ પગાર નહી તો કામ નહીના સુત્રો સાથે ચીફ ઓફિસરને પાઠવ્યું આવેદનપત્ર

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૮



માંગરોળ નગરપાલિકામાં રોજમદાર સફાઈ કામદારોનો કોન્ટ્રાકટ પધ્ધતિમાં સમાવેશ તેમજ કોન્ટ્રાકટ બેઈઝ સફાઈ કર્મીઓને એજન્સી દ્વારા નિયમિત પગાર ચુકવવામાં ન આવતો હોવાના આક્ષેપ સાથે સફાઈ કામદારોએ ચીફ ઓફીસરને આવેદન પાઠવી "પગાર નહીં તો કામ નહીં" એમ સ્પષ્ટ જણાવી કામબંધ કરવાની ચિમકી આપી છે. રજુઆતમાં જણાવ્યું છે કે, ન.પા.ના રોજમદાર સફાઈ કામદારોને કોન્ટ્રાકટના હવાલે મુકી દેવાતા સફાઈ કર્મીઓનું શોષણ થઈ રહ્યું છે. એજન્સી દ્વારા બે મહીનાથી પગાર નથયો હોવાનું જણાવ્યું હતું. તમામ કર્મીઓનો એક સાથે પગારને બદલે કેટલાકનો પગાર થાય તો કેટલાકને થોડાક દિવસ પછી પગાર ચુકવાતો હોવાનું પણ જણાવાયું છે. પગારનું કહેવામાં આવે તો કામ કરવું હોય તો કરો નહીં તો ઘરભેગા થાવ તેવો ઉધ્ધત જવાબ આપવામાં આવતો હોવાનો આક્ષેપ કરાયો છે. આ ઉપરાંત લઘુતમ વેતન અધિ. હેઠળ દૈનિક વેતનથી કામ કરતા શ્રમયોગીઓના દૈનિક વેતન દરોમાં ૧/૪/૨૩થી સુચિત નવા સુધારાઓ જાહેર કરવામાં આવેલ છે. જેમાં કુશળ કામદારોને પ્રતિદિન દૈનિક વેતન રૂા.૪૭૪, અર્ધકુશળને ૪૬૧ તેમજ બિનકુશળ કામદારોને રૂા.૪૫૨ જાહેર કરવામાં આવેલ છે. શ્રમયોગીઓના પગારોમાં આ નવા સુચિત દરોનો અમલ કરવા પણ માંગણી કરી છે.

# ગીર-સોમનાથના ૨૦ રહીશોએ ઓનલાઈન ગુમાવેલ રૂા.૪.૭૨ લાખ જેવી રકમ સાયબર સેલની ટીમે પરત અપાવી

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૮

ગીર-સોમનાથ જિલ્લા સાયબર ક્રાઈમ સેલની ટીમ દ્વારા ઓનલાઈન નાણાકીય છેતરપિંડીના કિસ્સાઓને લઈ ઈન્સિડન્ટ રીસ્પોન્સ યુનિટ (આઈ.આર.યુ.) અંતર્ગત ફ્રીઝ અને હોલ્ડ કરાવેલ અંદાજે ૨૦ જેટલા અરજદારોને રૂા.૪.૭૨ લાખ જેવી રકમ પરત અપાવેલ છે. વર્તમાન સમયમાં ઓનલાઈન લેવડ દેવડ વધી છે ત્યારે ઓનલાઈન પૈસાની છેતરપીંડીના બનાવો પણ વધી રહ્યા છે. ત્યારે એ.ટી.એમ. ફ્રોડ, લોન-લોટરી ફ્રોડ, જોબ ફ્રોડ, શોપીંગો ફ્રોડ, આર્મીના નામે ઓ.એલ.એકસ.માંથી વસ્તુ ખરીદીને લગતા ફ્રોડ તથા ફેસબુક/ઈન્સ્ટાગ્રામના ફેક પ્રોફાઈલ બનાવીને થતા ફ્રોડ તથા ઈન્સ્ટન્ટ લોન ફ્રોડ, ન્યુડ વિડિયો કોલ ફ્રોડ જેવા તમામ પ્રકારના સાયબર ફ્રોડના બનાવોમાં લોકોએ ગુમાવેલ રકમ સાયબર ગઠીયાઓ પાસેથી પરત મેળવવાની કાર્યવાહી કરવા માટે જીલ્લા પોલીસવડા મનોહરસિંહ જાડેજાએ જિલ્લાની સાયબર ક્રાઈમ સેલને સુચના આપી હતી. જેને લઈ વર્ષ ૨૦૨૨/૨૩ માં ઓનલાઈન નાણાકીય છેતરપિંડીનો ભોગ બનનાર અરજદારો દ્વારા સાયબર ક્રાઈમ સેલને મળેલી ફરીયાદોમાં ફ્રોડમાં ગયેલ રકમ રાજ્ય તથા બહારની અલગ અલગ બેંકોમાં ફ્રીઝ કરાવવામાં આવેલ હતી. જે રકમ અરજદારના ખાતામાં પરત કરવા સાયબર ક્રાઈમ સેલના પીઆઈ એ.બી.જાડેજાની સુચનાથી મનીષાબેન ઝાલા, રાહુલ નકુમ, જયેશ ગોહેલ, જ્યોતિબેન વાજા, પિયુષ ઝાલા સહીતના સ્ટાફએ જરૂરી કાર્યવાહી કરી કોર્ટમાંથી ઓર્ડર મેળવી ૨૦ જેટલા અરજદારોની ઓનલાઈન ફ્રોડમાં ગયેલ રૂા.૪,૭૨,૫૧૦ની રકમ પરત અપાવેલ છે. અત્રે નોંધનીય છે કે, ઓનલાઈન છેતરપિંડી જેવા ગુના અટકાવવા સરકાર દ્વારા સાયબર આશ્વસ્ત પ્રોજેકટ સામાન્ય નાગરીકો માટે શરૂ કરવામાં આવેલ છે. જેમાં સાયબર ક્રાઈમના ભોગ બનનાર નાગરીકો સીધી જ ૧૯૩૦ નંબર ઉપર ફરીયાદ નોંધાવે ત્યારે ઈન્સિડન્ટ રીસ્પોન્સ યુનિટ દ્વારા ટિકિટ નંબર આપવામાં આવે છે અને સાથો સાથ જે શંકાસ્પદ બેંક ખાતામાં નાણા ગયેલા હોય તે બેંકને નાણા ફ્રીઝ કરાવવા તેમજ જો નાણા ત્યાંથી ટ્રાન્સફર થઈ ગયેલ હોય તો તેની માહીતિ આપવા માટે સ્ટેટ સાયબર ક્રાઈમ સેલ, સી.આઈ.ડી. ક્રાઈમ દ્વારા નોટીસ આપવામાં આવે છે. જેના આધારે બેંકો આ શંકાસ્પદ રીતે મેળવાયેલા નાણા ફ્રીઝ કરે છે.

# ખંભાળિયામાં ઝડપાયેલા આલ્કોહોલ મિશ્રિત આયુર્વેદિક સીરપના પ્રકરણમાં તમામ ચાર આરોપીઓ જેલ હવાલે



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૮

ખંભાળિયા શહેરમાંથી આજથી આશરે બાર દિવસ પૂર્વે ઝડપાયેલી આલ્કોહોલ મિશ્રિત ૪૦૦૦ આયુર્વેદિક સીરપની બોટલના પ્રકરણમાં આ અંગેના તાર સીરપની અમદાવાદ સ્થિત ફેકટરી સુધી પહોંચ્યા હતા અને ત્યાર બાદ રવિવારે ખંભાળિયામાંથી વધુ રૂપિયા સવા ૨૬ લાખની કિંમતની ૧૫,૬૨૪ બોટલ સીરપનો જથ્થો મળી આવતા આ સમગ્ર પ્રકરણમાં મુખ્ય ઉત્પાદક એવા ફેકટરીના માલિક સહિત ચાર શખ્સોની ધરપકડ કરવામાં આવી હતી. આ સમગ્ર પ્રકરણની વિગત મુજબ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ પંથકના મૂળ વતની અને એમ.ટેક જેવી ડીગ્રી મેળવી ચૂકેલા તેમજ હાલ અમદાવાદ ખાતે રહેતા ભરત ચનાભાઈ નકુમ નામના સતવારા યુવાન દ્વારા ચાંગોદર ખાતે ફેકટરીમાં આલ્કોહોલ મિશ્રિત આયુર્વેદિક ટોનિક બનાવી વેચાણ કરવાના પ્રકરણમાં પોલીસે આ મુખ્ય સૂત્રધાર પાસેથી ૭૨૭૩ બોટલ સેલ્ફ જનરેટેડ સીરપ સહિત કુલ રૂપિયા ૨૧.૧૨ લાખનો મુદ્દામાલ કબજે કરી, પોલીસે આરોપી ભરત નકુમના ચાર દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. આ પ્રકરણમાં બે દિવસ પૂર્વે વધુ બે આરોપીઓ એવા ખંભાળિયાના વેપારી ચિરાગ થોભાણી તેમજ અમદાવાદ ખાતે રહેતા રમેશ ભોપા ખરગીયાની ધરપકડ કરી, રિમાન્ડ મેળવ્યા હતા. આ તમામ ત્રણ શખ્સોના રિમાન્ડ ગઈકાલે સોમવારે પૂર્ણ થતા નામદાર અદાલતે આ ત્રણેય આરોપીઓને જેલ હવાલે કરવાનો હુકમ કર્યો હતો. જ્યારે રવિવારે ખંભાળિયા પોલીસે અહીંના શક્તિનગર વિસ્તારમાં રહેતા અકરમ નજીર બનવા નામના શખ્સ દ્વારા ખંભાળિયા ભાણવડ રોડ ઉપર આવેલા ભાણવારી ગામના પાટીયા પાસે બે ગોડાઉનમાં છુપાવીને રાખવામાં આવેલી રૂપિયા સવા ૨૬ લાખથી વધુની કિંમતની આયુર્વેદિક સીરપની ૧૫,૬૨૪ બોટલ કબજે કરી હતી. અગાઉના પ્રકરણમાં ઝડપાયેલા આ શખ્સને પણ ખંભાળિયા પોલીસે સોમવારે અહીંની અદાલતમાં રજૂ કરતા અદાલતે આ આરોપીને પણ જેલ હવાલે કરવાનો હુકમ કર્યો છે. રવિવારે ભાણવારી ગામ પાસેથી ઝડપાયેલી રૂપિયા સવા ૨૬ લાખથી કિંમતની સેલ્ફ જનરેટેડ આયુર્વેદિક ટોનિકની બોટલનું સેમ્પલ એફએસએલમાં મોકલવામાં આવ્યું છે. જેનો રિપોર્ટ આવ્યેથી આગામી દિવસોમાં પોલીસ દ્વારા આગળની કાર્યવાહી કરવામાં આવશે તેમ તપાસનીસ અધિકારી તથા અહીંના ઈન્ચાર્જ પી.આઈ.એન.એચ. જોશી દ્વારા જણાવાયું છે. ભાણવારી ગોડાઉન પ્રકરણનો આરોપી અકરમ બનવા તથા અગાઉના આરોપી ચિરાગ થોભાણી ધંધાકીય રીતે સંકળાયેલા હોવાનું તથા રવિવારે ઝડપાયેલો રૂા.સવા ૨૬ લાખનો સીરપનો જથ્થો પંજાબ તરફની બનાવટનો હોવાનું વધુમાં જાણવા મળ્યું છે.

# ઘૂસિયાની મહિલાને પ્રસૂતિની પીડા ઉપડતા ૧૦૮ની ટીમે સ્થળ ઉપર જ મહિલાની પ્રસુતિ કરાવી



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૮

તાલાલા તાલુકાના ઘૂસિયા ગામમાં રહેતા એક મહિલાને તારીખ ૬-૮-૨૦૨ના બપોરના દોઢ કલાકે પ્રસુતિની પીડા ઉપડતા તેના ગામમાં રહેતા આશાવર્કરે ૧૦૮નો સંપર્ક કર્યો હતો. આ કોલ મળતાની સાથે જ સોમનાથ ૧૦૮ની ટીમ ઈ.એમ.ટી. રમેશ બામણીયા અને પાયલોટ સંદીપ ભાઈ કાછેલા તાત્કાલિક ધોરણે સ્થળ ઉપર પહોંચીને પ્રાથમિક તપાસ હાથ ધરી હતી. પ્રસુતિનો દુઃખાવો અસહ્ય હોવાથી ૧૦૮ના ઈ.એમ.ટી. રમેશભાઈ બામણીયાએ તત્કાલીન અમદાવાદ ખાતેના ઈમર્જન્સી રિસ્પોન્સ સેન્ટર ઉપર બેઠેલા ફિઝિશિયનનું ઓન કોલ માર્ગદર્શન મેળવી સ્થળ ઉપર જ પ્રસૂતિ કરાવવાની ફરજ પડી હતી. આવી રીતે ૧૦૮ના ઈમરજન્સી મેડિકલ ટેક્નીશીયને અમદાવાદ ખાતેના ૧૦૮ના ડોક્ટર સાથે સતત સંપર્કમાં રહી ઘટનાસ્થળ ઉપર જ સફળતાપૂર્વક પ્રસુતિ કરાવીને માતા તથા બાળકનો જીવ બચાવ્યો હતો અને બન્નેને વધુ સારવાર અર્થે નજીકની તાલાલા સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આવી રીતે ઘટનાસ્થળ પર જ જોખમરહિત સફળતાપૂર્વક પ્રસુતિ થતા દીકરાનો જન્મ થયેલ જેથી પરિવારમાં ખુશીની લહેર પ્રસરી ગઈ હતી અને પરિવારે ૧૦૮ના સ્ટાફનો ખુબ ખુબ આભાર માન્યો હતો.

# કેશોદની સરકારી ગર્લ્સ હાઈસ્કૂલમાં ઝેરી બિનઝેરી સાપ અંગે વાર્તાલાપ યોજાયો



(ગોવીંદ હડીયા દ્વારા)

કેશોદ તા.૮

કેશોદની સરકારી ગર્લ્સ શાળામાં ઈકો ક્લબની પ્રવૃત્તિના ભાગરૂપે શાળાના ઈકો ક્લબ અધ્યક્ષ ડી.પી. કરમટા દ્વારા કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતો. જેમાં સર્પવિદ અને પર્યાવરણ પ્રેમી શ્રીપનારાના માર્ગદર્શનમાં ઝેરી અને બિનઝેરી સાપની ઓળખ અને સાવચેતી કેમ રાખવી તે અંગેનો વાર્તાલાપ યોજાયો હતો. જેમાં શાળાની તમામ વિદ્યાર્થિનીઓએ હાજરી આપી હતી. શ્રીપનારા દ્વારા આ અંગે ખુબ જ ઉંડાણપૂર્વકનું માર્ગદર્શન આપ્યું હતું સાથે સાપ અંગેની માન્યતા અને હકીકત અંગે સરસ પ્રશ્નોતરી કરી જવાબ આપ્યા હતા. અહી એ વાત ઉલ્લેખનીય છે કે પનારા અત્યાર સુધીમાં આશરે ૨૦૦૦ જેટલા સાપને સુરક્ષિત રીતે પકડીને ફરી કુદરતના ખોળે મૂક્યા છે. કાર્યક્રમને સફળ બનાવવા શાળા પરિવાર દ્વારા સુચારૂ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના આયોજન બદલ શાળાના આચાર્ય જયોતિબેન રૂપાપરા દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવેલ છે.

## ઉનાના નાથળ ગામે જુગાર દરોડો : ૧૧૨૦૦ના મુદ્દામાલ સાથે ત્રણ ઝડપાયા



(નવીન જોષી દ્વારા)

ઉના તા.૮

સર્વેલન્સ સ્કવોર્ડ પોલીસ દ્વારા પીએસઆઈ સી.બી.જાડેજા અને સ્ટાફે ગઈકાલે ઉનાના નાથળ ગામે જુગાર અંગે દરોડો પાડતા જાહેરમાં જુગાર રમતા ત્રણ શખ્સોને રૂા.૧૧૨૦૦ની રોકડ સાથે ઝડપી લીધેલ છે.

## કેશોદના અખોદર ગામે આવેલી આંગણવાડીમાં રમકડાની કીટ સળગાવી પાંચ હજારનું નુકશાન

જૂનાગઢ તા.૮

કેશોદ તાલુકાના અખોદર ગામે રહેતા આંગણવાડી વર્કર મણીબેન સોમાતભાઈ પીઠીયા (ઉ.વ.૪૫)એ જયેશભાઈ માધાભાઈ જાદવ રહે.અખોદરવાળા વિરૂધ્ધ નોંધાવેલી ફરીયાદમાં જણાવેલ છે કે, આ કામના આરોપીએ સરકારી આંગણવાડીના મુખ્ય દરવાજાનો નકુચો તોડી સરકારી રજીસ્ટરો તથા બાળકોના રમકડાની કીટ સળગાવી દઈ રૂા.૫૦૦૦નું નુકશાન કર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

અપમૃત્યું

માણાવદર તાલુકાના જાંબુડા ગામના નારણભાઈ ગોવીંદભાઈ બરારીયા(ઉ.વ.૬૦)પોતાની વાડીએ સાતી હાંકતા હતા અને અકસ્માતે કુવામાં પડી જતા પાણી ડુબી જવાથી તેનું મૃત્યુ થયું છે. માણાવદર પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ ઉપરાંત માણાવદર તાલુકાના ભડુલા ગામના અમરસીભાઈ જીવાભાઈ મકવાણા(ઉ.વ.૫૮)ને છેલ્લા ત્રણેક વર્ષથી ગોઠણનો દુઃખાવો હોય જેથી કંટાળી જઈ પોતાની રીતે સેલફોર્સના ટીકડા ખાઈ લેતા તેઓનું સારવાર દરમ્યાન મોત નિપજયું છે. અને માણાવદર પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

# શનિવારે પરમા એકાદશીનું મહત્વ અને પૂજન

શનિવારે પરમા એકાદશીનું મહત્વ અને પૂજન પરમાં એકાદશીનું વ્રત રહેવાથી દુઃખ દારિદ્રય દૂર થાય છે અને ભાગ્યોદય થાય છે. અધિક શ્રાવણ વદ અગિયારસને શનિવાર તારીખ ૧૨ ઓગસ્ટના દિવસે પુરૂષોત્તમ માસની પરમાં એકાદશી છે. શુક્રવારે એકાદશીની વૃદ્ધિ તિથિ છે. આથી વૃદ્ધિના દિવસે એકાદશીનો વ્રત રહેવાય નહીં આથી દરેક પંચાંગ પ્રમાણે જયોતિષ પ્રમાણે શનિવારે પરમા એકાદશીનું વ્રત છે. પરમા એકાદશીના વ્રત વિષે શ્રી કૃષ્ણ ભગવાન યુધિષ્ઠિરને કહે છે પરમા એકાદશીના દિવસે સવારના વેહેલા ઉઠી નિત્ય કર્મ કરી અને ત્યારબાદ બાજોઠ ઉપર સફેદ વસ્ત્ર પાથરી તેના ઉપર ચોખાની ઢગલી કરી તેના ઉપર વિષ્ણુ ભગવાનની અથવા તો રાધાકૃષ્ણ ભગવાનની છબી રાખવી ત્યાર આગળ એક ત્રાંબાનો કળશ રાખી કળશમાં જળ તથા સોપારી, રૂપિયો, અબીલ, ગુલાલ, કંકુ પધરાવું આસોપાલવના પાંચ પાન પધરાવવા તેના ઉપર તરભાણું રાખી બાજુમાં ઘીનો દીવો કરવો ભગવાનની છબીને ચાંદલો ચોખા કરવા ભગવાનને ફુલ, અબીલ, ગુલાલ, કંકુ પધરાવા ત્યારબાદ ભગવાનને સાકર ધરાવી ભગવાનની આરતી કરવી ક્ષમા યાચાના માગણી જે લોકોને એક દિવસનું વ્રત રહેવું છે. તે લોકોએ રવિવારે સ્થાપનનું વિસર્જન કરવું એ લોકોએ પાંચ દિવસનું વ્રત રહેવું હોય તેઓએ ગુરૂવારે સવારના સ્થાપનનું વિસર્જન કરવું. આ પૂજન વિધિવત વૈદિક બ્રાહ્મણ બોલાવીને પણ ઘરે કરી શકાય છે. જે લોકોને આર્થિક સ્થિતિ સારી નથી તેઓએ અગિયારસ અમાસ સુધી પાંચ દિવસ સુધી ઉપવાસ રહેવો. રાત્રિના ૧૨ વાગ્યા સુધીનું જાગરણ કરવું. એકાદશીના દિવસે આખી રાતનું પણ જાગરણ કરી શકાય. બપોરના સૂવું નહીં. પાંચ દિવસ સુધી વિષ્ણુ ભગવાનનું કીર્તન ભજન કરવું, પૂજા કરવી. આવી રીતના પાંચ દિવસ ઉપવાસ રહેવાથી દરિદ્રતા દૂર થાય છે. એકલા એકાદશીના દિવસે પણ ઉપવાસ રહી શકાય છે. પૂર્વે આ વ્રત કુબેરે કરેલ આથી તે કુબેર ભંડારી બન્યા તે ઉપરાંત હરિશ્ચંદ્ર રાજાએ વ્રત કરવા છે. તેમણે રાજ્યની પ્રાપ્તિ થઈ હતી. ઋષિના કહેવા પ્રમાણે આ વ્રત કરવાથી દરિદ્રતા દૂર થાય છે અને ભાગ્યોદય થાય છે.

**પરમા એકાદશીની કથાનો બોધ** : ભાગ્યમાં છે લખ્યું હોય છે તે થાય જ છે પરંતુ ભગવાન ઉપર વિશ્વાસ અને ભરોસો રાખવાથી અને જીવનમાં મહેનત કરવાથી જરૂર પ્રગતિ થાય છે અને ભાગ્યોદય પણ થાય છે.

**- શાસ્ત્રી રાજદીપ જોશી (વેદાંત રત્ન)**

# પદયાત્રા કરી કાવડધારી શિવભક્તોએ સોમનાથ મહાદેવને ક્ષિપ્રા નદીના જળનો અભિષેક કર્યો

(મિનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્ર.પાટણ તા.૮



અધિક માસા અને અન્ય પ્રાંતમાં પવિત્ર શ્રાવણ માસ અનુલક્ષી ઉજ્જૈનના બે કાવડધારી શિવભક્તોએ પદયાત્રાથી ૮૦૦ કિ.મી.નું અંતર કાપી ઉજ્જૈન ક્ષિપ્રા નદીના પવિત્ર જળ મહાકાલ નગરીના જળકુંભોથી સોમનાથ મહાદેવનો અભિષેક કર્યો. અહીં પહોંચતા તેમને ૩૬ દિવસ જેવો સમય લાગ્યો છે. સોમનાથ ખાતે તેઓ આવી પહોંચતા નગરપાલીકા પુર્વ કાઉન્સીલર મુકેશ ચોલેરા, રમેશ ભટ્ટ, પ્રદિપ પંડયાએ આ સંતોનું સ્વાગત કરી તેઓને સોમનાથ મહાદેવની તસ્વીર પ્રતિકૃતિ અર્પણ કરી આશીર્વાદ મેળવ્યા.

આ પદયાત્રીઓ છેલ્લા ૩૦ વર્ષથી આ રીતે વિવિધ તિર્થધામોની કાવડ પદયાત્રા સાથે જળાભિષેક કરી સમગ્ર જીવન મહાકાલને સમર્પિત કરેલ છે.

સૌરાષ્ટ્રભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# ચીને ખુલ્લા દિલે સીમા વિવાદ ઉકેલની પહેલ કરવી જોઈએ

કારગિલ વિજય દિવસના ઠીક પહેલાં જોહાનિસબર્ગમાં ચીની કમ્યુનિસ્ટ પાર્ટીના વિદેશ બાબતોના આયોગના નિર્દેશક વાંગ યી સાથે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલે જે સ્પષ્ટતાથી ભારતનો ભરોસો તૂટવાની વાત કહી તેના ઊંડા અર્થ છે. ખાસ કરીને ત્યારે, જ્યારે ૨૦૧૯ બાદ સીમા સંબંધી બાબતો પર બંને દેશોના પ્રતિનિધિઓની આ પહેલી બેઠક હોય. ઉલ્લેખનીય છે કે મે ૨૦૨૦માં જે સમયે ગલવાનની ઘટના બની હતી, ત્યારે વાંગ યી ચીનના વિદેશ મંત્રી હતા, અને હાલમાં તેઓ ત્યંના શક્તિશાળી પોલીટ બ્યૂરોના સદસ્ય છે, બલ્કે રાષ્ટ્રપતિ જિનપિંગના નજીકના પણ મનાય છે. તેથી ડોભાલની આ સ્પષ્ટ વાતોથી ચીનને અહેસાસ થઈ ગયો હશે કે સરહદ પર તણાવ પેદા કરીને તે નવી દિલ્હીને સોદાબાજી માટે મજબૂર નહીં કરી શકે. ડોભાલ પહેલાં ભારતીય વિદેશ મંત્રી એસ.જયશંકર પણ અનેક પ્રસંગે સ્પષ્ટ કરી ચૂક્યા છેકે જ્યાં સુધી સીમા પર શાંતિપૂર્ણ સંબંધો નહીં થાય ત્યાં સુધી બીજી તમામ વાતોનો કશો અર્થ નથી રહેતો.

ચીન હંમેશાં ઈચ્છે છે કે સીમા સંબંધી બાબતોને પાછળ રાખીને બાકી વિષયો પર, ખાસ કરીને કારોબારી સંબંધોના વિસ્તારીકરણની દિશામાં આગળ વધવામાં આવે, પરંતુ ભારતના કડક વલણનું પરિણામ છે કે તેના વલણમાં કંઈક ઢીલ જોવા મળી છે. પરંતુ તે કેટલી વાસ્તવિક છે, તેની પરખ તેના દ્વારા ઉઠાવવામાં આવનારા પગલાંથી થશે. શું તે વાસ્તવિક નિયંત્રણ રેખા પર મે ૨૦૨૦ પહેલાંની સ્થિતિ કબૂલવા તૈયાર છે? અસલમાં કોવિડ મહામારી સમયથી જ ચીની અર્થવ્યવસ્થા ગંભીર મુશ્કેલીઓનો સામનો કરી રહી છે. હવે આ રહસ્યની વાત નથી કે અમેરિકી તનાતનીને કારણે તેને ત્યાંથી રોકાણકારો પલાયન થઈ રહ્યા છે અને કેટલીય ચીની કંપનીઓ પર પશ્ચિમી દેશોમાં જાતજાતના પ્રતિબંધો લદાયા છે. હાલમાં જ ભારત સરકારે ઈલેક્ટ્રિક વાહન બનાવતી તેની એક કંપનીના ૮૨૦૦ કરોડ રૂપિયાના રોકાણ પ્રસ્તાવને ફગાવી દીધો છે. ઘરેલુ માંગમાં કમજોરીને કારણે ચીનની અર્થવ્યવસ્થા સામે નવા પ્રકારનું સંકટ પેદા થઈ ગયું છે અને પોલીટ બ્યૂરોએ તેનો સામનો કરવા અને આંતરિક સ્તરે માંગ મજબૂત કરવા નીતિગત પ્રોત્સાહનનો રસ્તો સૂચવ્યો છે. ભારતની મજબૂત થતી આર્થિક સ્થિતિ અને વૈશ્વિક મંચો પર તેના વધતા મહત્વને સ્વીકારવામાં બેજીંગ ભલે ખચકાય, પરંતુ તે અસલિયતની અવગણના નહીં કરી શકે. તેથી તે ઈચ્છે છે કે દ્વિપક્ષીય સંબંધોમાં જામેલ બરફને ઓગાળવાનો રસ્તો કાઢવામાં આવે. ભારત હંમેશથી જ પડોશી દેશો સાથે બહેતર સંબંધોનું હિમાયતી રહ્યું છે, પરંતુ ચીન અને પાકિસ્તાનથી તેને વારંવાર નિરાશા હાથ લાગી છે. એ સાચું છે કે ભૂગોળ પડોશી પસંદ કરવાની પરવાનગી નથી આપતું, પરંતુ સંબંધો સાફ દાનત પર ટકે છે. જિનપિંગ ખરેખર વિશ્વાસ બહાલી માટે ગંભીર હોય તો ચીને ખુલ્લા દિલે અને ઠોસ કાર્યક્રમો દ્વારા સીમા વિવાદ ઉકેલવાની પહેલ કરવી જોઈએ. ભારત અને ચીન મળીને એશિયાનું ભવિષ્ય બદલી શકે છે, પરંતુ ભારત એ ચોક્કસ જોવા માંગશે કે ચીનની દાનત સાફ છે? એક તરફ ભારત વિરોધી તાકાતોનું સમર્થન, સરહદ પર તણાવ વધારતાં કરતૂતો, બીજી તરફ આર્થિક સહયોગની આકાંક્ષા ભારતને ક્યારેય સ્વીકાર્ય નહીં હોય.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

શબ્દોના બાળ વધુ ઘાયલ કરે છે.

- અજ્ઞાત

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.સ્પેન્દાર્મદ-૧૩૯૨, મુ. મોહરમ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, અધિક શ્રાવણ વદ-૮ કાલાષ્ટમી તા.૮ ઓગષ્ટ ૨૦૨૩, મંગળવાર, પારસી તા. ૨૮, મુસ્લિમ તા. ૨૦, ભરણી નક્ષત્ર, ગંડ યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૨૪, સૂ.અ.૭:૨૮

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : આર્થિક બાબતે સંભાળવું હિતાવહ. નવિન લાભની તક મળે.
વૃષભ : નવિન વાહન, જમીનની ખરીદી થાય. વ્યર્થ ઉગ્રતાથી દૂર રહેવું.
મિથુન : ભાગીદારી સાથે મતભેદ, અગત્યના પ્રશ્નો ગુંચવાતા લાગે.
કર્ક : કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા પ્રાપ્ત થાય. જીવનસાથીના આરોગ્ય અંગે ચિંતા રહે.
સિંહ : સફળતા માટે મહેનત વધારવી પડે. વ્યર્થ મનોભાર રહે.
કન્યા : વ્યાપાર-નોકરીમાં લાભ. આકસ્મીક-પ્રવાસ, મુસાફરી થાય.
તુલા : વડીલ વર્ગ કે મિત્રો સાથે વાણી ઘર્ષણ થાય. વ્યર્થ ખર્ચના ભોગ બનવું પડે.
વૃશ્ચિક : મહત્વના કાર્યોમાં રૂકાવટ, જામીનગીરી જેવા કાર્યોથી દૂર રહેવું.
ધન : યશ, માન, કીર્તિમાં વધારો થાય. ધાર્મિક કાર્યોમાં ધન વપરાય.
મકર : કાર્યબોજમાં વધારો થાય. માનસિક થાક અનુભવાય.
કુંભ : માનસિક આનંદ-ઉલ્લાસમાં વધારો થાય. નવિન કાર્યમાં સફળતા મળે.
મીન : અણધાર્યો પ્રવાસ. નવિન કાર્યની તક મળે.

ઉત્તરાખંડના મંદિરના કપાટ વર્ષમાં એક જ વાર ખુલે છે

# ચમોલી વિષ્ણુ ભગવાનનું મંદિર માત્ર રક્ષાબંધન ઉપર ખૂલે છે



દહેરાદૂન, તા.૮

આપણા દેશમાં ઘણા મંદિર એવા છે જેની સાથે ગાઢ માન્યતાઓ જોડાયેલી છે. આ મંદિરોની પાછળ ઘણી અનોખી અને રહસ્યમયી કહાનીઓ છુપાયેલી છે. ઉત્તરાખંડમાં એક આવુ જ મંદિર આવેલુ છે જે ઘણા રહસ્યોથી ભરાયેલુ છે. ભક્તો માટે આ મંદિરના કપાટ વર્ષમાં માત્ર એક વખત જ ખુલે છે. આ સમય રક્ષાબંધનનો હોય છે, જ્યારે ભક્ત આ ચમત્કારી મંદિરમાં ભગવાનના દર્શન કરી પૂજા-અર્ચના કરે છે. વંશી નારાયણનું આ અનોખુ મંદિર ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં સ્થિત છે. આ મંદિર ભગવાન વિષ્ણુને સમર્પિત છે. આ મંદિરના કપાટ માત્ર રક્ષાબંધનના અવસરે જ ખુલે છે, જ્યાં મહિલાઓ અને યુવતીઓ પોતાના ભાઈ પહેલા ભગવાન વંશી નારાયણ મંદિરને રાખડી બાંધે છે. માન્યતા અનુસાર રક્ષાબંધનના દિવસે વંશી નારાયણ મંદિરમાં જે પણ બહેનો પોતાના ભાઈને રાખડી બાંધેછે તેમને સુખ, સંપત્તિ અને સફળતાના આશીર્વાદ મળે છે. સાથે જ તેમના ભાઈઓ પર પણ ક્યારેય કોઈ સંકટ આવતુ નથી. સૂર્યોદય સાથે મંદિરના કપાટ ખુલે છે અને સૂર્યાસ્ત બાદ આને આખા વર્ષ માટે બંધ કરી દેવામાં આવે છે. પૌરાણિક કથા અનુસાર, ભગવાન વિષ્ણુ પોતાના વામન અવતારથી મુક્ત થયા બાદ સૌથી પહેલા ત્યાં પ્રગટ થયા હતા. કહેવાય છે કે આ સ્થળ પર દેવ ઋષિ નારદે પ્રભુ નારાયણની પૂજા-અર્ચના કરી હતી. માનવામાં આવે છે કે નારદ જી વર્ષના ૩૬ ૪ દિવસ વિષ્ણુજીની પૂજા કરેછે અને એક દિવસ માટે જતા રહે છે, જેથી લોકો પૂજા કરી શકે. આ જ કારણોસર ત્યાં લોકોને માત્ર એક દિવસ જ પૂજા કરવાનો અધિકાર મળેલો છે. મંદિરની પાસે એક ભાલૂ ગુફા પણ આવેલી છે, જ્યાં ભક્ત પ્રસાદ બનાવે છે. કહેવાય છે કેઆ દિવસે ત્યાં દરેક ઘરમાંથી માખણ આવે છે અને આને પ્રસાદમાં મેળવીને ભગવાનને ભોગ ધરાવવામાં આવે છે. રક્ષાબંધન માત્ર એક તહેવાર નહીં પરંતુ ભાઈ-બહેનના પ્રેમનું પ્રતીક છે. આ દિવસે બહેનો ભાઈના કાંડા પર રાખડી બાંધે છે અને લાંબા આયુષ્યની કામના કરે છે. ભાઈ પણ આજીવન બહેનની રક્ષા કરવાનું વચન આપેછે. આ વર્ષે રક્ષાબંધનનો તહેવાર ૩૦ ઓગસ્ટ ૨૦૨૩એ મનાવવામાં આવશે. આ વખતે રક્ષાબંધન પર ભદ્રા કાળ રહેશે તો બહેનો પોતાના ભાઈને રાખડી ૩૦ ઓગસ્ટે રાત્રે ૦૯.૦૧ થી ૩૧ ઓગસ્ટ સવારે ૦૭.૦૫ મિનિટ સુધી બાંધી શકે છે.

# બુલેટ ઉપર કાશ્મીરની યુવતીનો ખતરનાક સ્ટંટ

## યુવતી સ્ટંટ કરતા રોયલ એનફિલ્ડ બુલેટના હેંડલ છોડીને હાથ હવામાં લહેરાવતી ગીત સાથે ડાંસના રિએક્શન આપી રહી છે



નવી દિલ્હી, તા.૮

સોશિયલ મીડિયા પર જમ્મુ કાશ્મીરની યુવતી બુલેટ પર ખતરનાક સ્ટંટ કરતી હોય તેવો વીડિયો વાયરલ થયો છે. વીડિયો વાયરલ થયા બાદ પોલીસને કાર્યવાહી કરવી પડી. વાયરલ વીડિયોમાં યુવતી સ્ટંટ કરતા રોયલ એનફિલ્ડ બુલેટના હેંડલ છોડીને હાથ હવામાં લહેરાવતી ગીત સાથે ડાંસના રિએક્શન આપી રહી છે. છોકરી કેમેરા જોતા વિક્ટ્રી સાઈન બતાવી રહી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર નુસરત ફાતિમા નામના યૂઝરે @knusrata આઈડી પરથી સ્ટંટ વીડિયોને અપલોડ કર્યો છે. ૨૧ સેકન્ડના આ વીડિયોને અપલોડ કર્યા બાદ ૫.૩૦ લાખ લોકોએ તેને જોયો છે. તો વળી ૧૭.૯ હજાર લોકોએ લાઈક કર્યો છે. આ વીડિયોને યુઝરે કેપ્શન આપ્યું છે. વીડિયો વાયરલ કરી ભારત સરકારનો આભાર વ્યક્ત કર્યોઆજે હું ગર્વથી કહેવા માગુ છે કે, મારુ કાશ્મીર ન ફક્ત છોકરાઓ માટે પણ અમારા માટે પણ ખૂબ જ બદલાઈ ગયું છે. ૩૭૦ અને ૩૫ એ હટાવતા પહેલા આ શક્ય નહોતું. ધન્યવાદ ભારત સરકાર. ૨૧ સેકન્ડના આ વીડિયોમાં શાહરુખ ખાનની ફિલ્મ **Ra.One** નું ગીત કૈસા શર્માના આજા નચ કે દિખા દે. છમક છલ્લો...વાગી રહ્યું હતું અને છોકરી ખૂબ જ ફુલ સ્પિડમાં મસ્ક બાઈકિંગની મજા લઈ રહી છે. બુલેટની સ્પીડ એટલી વધારે હતી કે જમ્મુ કાશ્મીરના ટ્રાફિક પોલીસે વાયરલ થયા બાદ તેનું બાઈક જપ્ત કરી લીધું અને યુવતીનું કાઉંસલિંગ માટે મોકલી દીધી છે. આ પહેલી વાર નથી જ્યારે લોકોએ ટ્રાફિક નિયમોની ધજ્જિયા ઉડાવી બીજાના જીવને જોખમમાં મુક્યું હોય. તેને જોતા સરકારે રિલ્સ બનાવવા માટે કેટલાય કડક નિયમો બનાવ્યા છે. જેમાં બાઈક પર વીડિયો બનાવવાનું પણ સામેલ છે.

# 'મેડ ઇન ઇન્ડિયા'નું લેબલ લગાવી ચોખા વેંચી રહ્યું છે પાકિસ્તાન, પાક. વેપારીઓએ ખોલી પોલ

ઈસ્લામાબાદ,તા.૮

ભારતે હાલમાં જ નોન બાસમતી ચોખાની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો હતો. જેના કારણે વિદેશમાં રહેતા ભારતીયોએ મોલમાં જઈને ચોખા મેળવવા માટે પડાપડી કરી હતી. ભારતના આ નિર્ણયનો ફાયદો પાકિસ્તાન ઊઠાવવા માટે ચોખાની નિકાસ વધારવાનો પ્રયત્ન કરશે. રાઈસ એક્સપોર્ટર્સએસોસિએશન ઑફ પાકિસ્તાન (**REAP**) ચાલુ નાણાકીય વર્ષમાં ૩ બિલિયન ડોલરના મૂલ્યના ૫ મિલિયનટન ચોખાનું લક્ષ્ય હાંસલ કરવા અંગે આશાવાદી હતા. પણ પાકિસ્તાનના વેપારીઓએ પાકિસ્તાનની પોલ ખોલી દીધી છે. પાકિસ્તાન હાલમાં ગંભીર આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે. મોઘવારીને કારણે સામાન્ય માણસને ગુજરાન ચલાવવામાં મુશ્કેલી થઈ રહી છે. વીજળી સહિતની જરુરી સુવિધા મોંઘી થતા, લોકો ભૂખ્યા જ સૂઈ જવા માટે મજબૂર બન્યા છે. પાકિસ્તાન સરકાર પોતાના જ દેશના લોકોની ભૂખ શાંત કરવામાં નિષ્ફળ નીવડી રહી છે, ત્યા તો તે તેમના ભાગના ચોખા આખા વિશ્વમાં વહેંચવા નીકળ્યા છે. આતંકવાદ અને મગજ વગરના નેતાઓને કારણે પાકિસ્તાન પહેલાથી બદનામ છે. પોતાને દેશ ચલવવા માટે પાકિસ્તાની સરકારે અમેરિકા જેવા દેશ પાસે લોન લેવી પડે છે.

# રોહિત શર્મા અને કોહલીને બે અઠવાડિયાનો બ્રેક મળશે

મુંબઈ, તા.૮ ટીમ ઈન્ડિયાના વિસ્ફોટક બેટર રોહિત શર્મા અને વિરાટ કોહલીને ભારતીય ક્રિકેટ ટીમની કરોડરજ્જુ માનવામાં આવે છે. રોહિત હાલમાં ટેસ્ટ અને વનડે ટીમની કેપ્ટનશીપ સંભાળી રહ્યો છે. જ્યારે, વિરાટ કોહલીએ ઘણા વર્ષો સુધી ટીમ ઈન્ડિયાનું નેતૃત્વ કર્યું. આ બંને દિગ્ગજો વિશે એક મોટું અપડેટ આવ્યું છે. વિરાટ અને રોહિત બંને અત્યારે ટીમ ઈન્ડિયાનો ભાગ નથી. ભારતીય ટીમ હાલમાં હાર્દિક પંડ્યાના નેતૃત્વમાં વેસ્ટઈન્ડિઝ સામે ટી-૨૦ સીરિઝ રમી રહી છે. આ સીરિઝની પ્રથમ મેચમાં પણ તેને ૪ રનથી હારનો સામનો કરવો પડ્યો હતો. રોહિત અને વિરાટ સહિત ઘણા સિનિયરોને શ્રેણીમાંથી આરામ આપવામાં આવ્યો છે. ભારતીય ક્રિકેટ ટીમના ટોચના સ્ટાર્સ રોહિત શર્મા અને વિરાટ કોહલીને ૨ અઠવાડિયાનો બ્રેક મળવા જઈ રહ્યોછે. વિરામ લીધાપછી આ બંને દિગ્ગજ ખેલાડીઓ એશિયા કપ-૨૦૨૩ કેમ્પ માટે ૨૩ ઓગસ્ટે નેશનલ ક્રિકેટ એકેડમી **(NCA)**માં રિપોર્ટ કરશે. **NCA** ૨૪ થી ૨૯ ઓગસ્ટ સુધી એક અઠવાડિયાની શિબિરનું આયોજન કરીરહ્યું છે. રોહિત અને વિરાટ તેમના વ્યસ્ત શેડ્યૂલ પહેલા ખૂબ જ જરૂરી વેકેશનનો આનંદ માણી રહ્યા છે.

બે બાળકો સાથે નિર્દયતાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો

# બે સગીરોને એક બોટલમાં પેશાબ પીવા માટે દબાણ કર્યું

લખનૌ, તા.૮

ઉત્તર પ્રદેશનાં સિદ્ધાર્થનગર જિલ્લામાં બે બાળકો સાથે નિર્દયતાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. મળતી માહિતી મુજબ, જિલ્લાના પાથરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સ્થિત એક ચિકન ફાર્મમાં બે લોકો ઘુસ્યા હતા, જેને કેટલાક લોકોએ પકડી લીધા હતા. આ પછી બંનેને બાળકો સાથે ક્રૂરતાની હદ પાર ન કરવા સુધીની સજા આપવામાં આવી. બંને બાળકોને કથિત રીતે પેટ્રોલનું ઈન્જેક્શન આપવામાં આવ્યું હતું અને પછી પેશાબ પીવડાવવામાં આવ્યો હતો. આરોપીઓનું આટલાથી પણ મન સંતુષ્ટ ન થયું તો બાળકના ગુપ્ત ભાગમાં મરચું નાખ્યું હતું. આટલું જ નહીં, આ બાળકો પર ક્રૂરતા આચરતી વખતે તેમણે તેનો વીડિયો બનાવ્યો હતો અને પછી તેને સોશિયલ મીડિયા પર વાયરલ કરી દીધો હતો. આ બે બાળકોમાંથી એક માત્ર ૬ થી ૭ વર્ષનો છે. વાયરલ વીડિયોને ધ્યાનમાં લઈને પોલીસ કસ્ટડીમાં ૬ લોકોની પૂછપરછ કરી રહી છે.

ઘટના જાણે એમ બની હતી કે બુધવારે ચિકન ફાર્મમાંથી ૨૦૦૦ રૂપિયા ગાયબ થઈ ગયા હતા. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર શંકાના આધારે તે લોકોએ બે માનસિક રીતે વ્યથિત સગીરને ચા આપવાના બહાને પોતાની દુકાને બોલાવ્યા હતા અને પછી તેમના અન્ય સાથીદાર સાથે આવી બર્બરતા આચતી હતી, જેનાથી લોકોના આત્મા હચમચી ગયા હતા. આઠ છોકરાઓએ આ બે સગીરોને એક બોટલમાં વારાફરતી પેશાબ પીવા માટે દબાણ કર્યું. બંનેના હાથ-પગ બાંધી દીધા હતા અને તેમને નગ્ન કરીને તેમના શરીરમાં પેટ્રોલ નાંખવામાં આવ્યા હતા. બંનેના કપડા ઉતાર્યા બાદ તેમના નાજુક ભાગોમાં ઝીણા સમારેલા લીલા મરચા નાંખવામાં આવ્યા હતા અને સમગ્ર ઘટનાનો વીડિયો પણ બનાવ્યો હતો. બાળકોના માતા અને પિતાએ પોલીસને નિવેદન આપ્યું હતું, જેમાં પોલીસે ૮ નામના આરોપીઓ વિરુદ્ધ દુષ્કર્મ, પોક્સો અને અન્ય કલમો હેઠળ કેસ નોંધ્યો હતો. આ આરોપીઓમાં ઉમેદ, મોહમ્મદ આકીબ, અબ્દુલ સઈદ, રફીઉલ્લાહ, શેરાલી અને દીપકની ધરપકડ કરવામાં આવી છે. મુખ્ય આરોપી સઈદ અને શાપુ હજુ ફરાર છે. તમામ આરોપીઓ પાથરા પોલીસ સ્ટેશનના રહેવાસી હોવાનું કહેવાય છે. પીડિતાના પિતાએ મીડિયાને બાળકની ઘટના વિશે જણાવ્યું અને કહ્યું કે આ ત્રાસની હદ છે.

અધિક માસનું કથામૃત
- કનકચંદ્ર સી. વ્યાસ

# ભગવાનની માયા

ભગવાન શ્રીકૃષ્ણની લીલા કાયમ અલૌકીક રહી છે. તેમણે પોતાના પરમ ભક્તોને સમય સમય ઉપર ''સત્યનું જ્ઞાન કરાવ્યું હોવાના અનેક દાખલા છે.''એક વખતની વાત છે. ભગવાન શ્રી કૃષ્ણ દ્વારકાના રાજા બન્યા ત્યારે સુદામાજી ભગવાનના મહેમાન''થઈને ગયા હતા ત્યારે બન્નેય વાતોએ વળગેલા. વાતમાંને વાતમાં સુદામાજીએ ભગવાન શ્રીકૃષ્ણને કહ્યું, ''હે''નાથ આપને મારી વિનંતી છે. મેં સાંભળ્યું છે કે તમારી માયા અલૌકીક છે મને તમારી એ અલૌકીક માયાના''દર્શન કરાવોને.''''ભગવાન શ્રીકૃષ્ણએ સુદામાને કહ્યું, ''જુઓ સુદામાજી તમને મારી માયાના દર્શન અવશ્ય કરાવીશ''પરંતુ તેને યોગ્ય વખત આવશે ત્યારે કરાવીશ.''''એ વાતને થોડા દિવસો વિતી ગયા. એક દિવસ ભગવાન શ્રીકૃષ્ણ અને સુદામાજી ગોમતીજીમાં સાથે''નાહવા ગયા. બન્યું એવું કે સુદમાજીએ ગોમતીજીમાં ડૂબકી લગાવી. ડૂબકી લગાવીને જેવા સુદામાજી બહાર''નિકળ્યા તો તેઓ કોઈ નવા જ નગરમાં આવી ગયા હોય અને નવા જ પ્રકારનો નદીનો કિનારો જોયો. ''જોઈને ગભરાયેલા સુદામાજી ઝડપભેર નદીની બહાર નિકળ્યાને કિનારે આવી અને કોઈને પૂછ્યું,''''આ દ્વારીકાનગરી જ છેને ?''''તો જવાબ મળ્યો, ''તમે કોઈ પાગલ લાગો છો આ દ્વારીકાનગરી નથી આ તો માયાનગરી છે'' આ''સાંભળી સુદામાજીને ખૂબ જ આશ્ચર્ય થયું તેથી તે તો આ માયાનગરી જોવા નિકળી પડ્યા. તેની ઈમારતો,''નગરીના લોકો, તેમનું જીવન વગેરે જોઈ અને સુદામાજીને ખૂબ જ આનંદ આવી રહ્યો હતો.''સુદામાજી માયાનગરીમાં ફરી રહ્યાં હતા ત્યાં અચાનક એક હાથણી કળશ લઈને સામેથી આવી રહી''હતી. તે હાથણી પાછળ માણસોનું મોટું ટોળું આવી રહ્યું હતું. એ હાથણીએ આવી અને સુદામાજી ઉપર કળશ''ઢોળ્યો. એટલે ત્યાં પાછળ આવેલ માણસોએ સુદામાજીનું નામ પૂછ્યું. એટલે સુદામાજીએ પોતાનું નામ કહ્યું.''તેના નામનો જય જયકાર થયો.''સુદામાજીને કંઈ સમજાયું નહીં તેથી તેમણે એક વ્યક્તિને પૂછ્યું, ''આ બધુ શું છે ? અને શા માટે મારો''જય જયકાર બોલાવો છો ?''''''જુઓ, આ માયાનગરી છે અને અમારા રાજાનુંમરણ થયું છે માટે અમારે ત્યાં રાજા મરણ પામે તો''નવો રાજા શોધવા માટે અમે આ રીતે હાથણીની મદદ લઈએ છીએ. આજે હાથણીએ તમારા ઉપર કળશ''ઢોળ્યો છે તેથી આજથી તમે અમારા રાજા થયા છો.'' તે વ્યક્તિએ જવાબ આપ્યો.''આ સાંભળીને સુદામાજી તો ખુશખુશાલ થઈ ગયા. પછી રાજા હતા કુંવારા એટલે રાજા હોય તો રાણી''તો જોઈએ જ. તેથી એક સુંદર કન્યા પંસદ કરી તેને સુદામાજી સાથે પરણાવવામાં આવ્યા. પછી તો સુદામાજીને''આનંદ આનંદ થઈ ગયો. ઘેર ચાર પુત્રો અને ચાર પુત્રીઓ થયા. આમ, સંસારમાં પડેલા એવા સુદામાજી તો''રાજ ચલાવતા હતા અને તેમની મસ્તીમાં જીવતા હતા. દિવસો સુખેથી વિતતા હતા.''એક દિવસ અચાનક રાણી બિમાર પડ્યા. રાજવૈદ્યએ કહી દીધું રાણી બહુ ઝાઝા દિવસો કાઢે તેમ''નથી. અને સુદામાજી તો પડ્યા ચિંતામાં અને એક દિવસ અચાનક રાણી અવસાન પામ્યા. તેનો વિરહ થવાથી ''સુદામાજી તો રડવા લાગ્યા ત્યારે પાસે ઉભેલા પ્રધાન કહેવા લાગ્યા, ''મહારાજ, આપ શા માટે રડો છો ?''''સુદામાજી કહે છે, ''મારી પત્ની અવસાન પામી તેના વિરહમાં હું રડું છું.'' પ્રધાને કહ્યું, ''તો તમે''રડવાનું રહેવાદો તમારું વિરહ લાંબો સમય નહીં ચાલે કારણ કે અમારા રાજ્યનો નિયમ છે જો રાણી મરે તો''તેમની ચિતામા રાજા ભલે ન જીવતો હોય તો પણ તેને સાથે બેસાડી અને અગ્નિદાહ આપવામાં આવે છે.એટલે કે, તમારે પણ ટૂંક સમયમાં રાણી સાથે જ જવાનું છે માટે રડવાનું છોડીદો'' હવે તો સુદામાજી ધ્રુસકે ધ્રુસકે''હૈયાફાટ રુદન કરવા લાગ્યા. પછી તેમને કંઈક યાદ આવ્યું એટલે અચાનક તેમણે પ્રધાન અને ત્યાં ઉપસ્થિત''સૌને કહ્યું, ''બરોબર, પરંતુ પહેલાં મને જરા સ્નાન કરવા દેશો. મને આપણી માયાનગરીની પાદરે વહેતી''નદીમાં સ્નાન કરવાની ઈચ્છા છે.''''પ્રધાનજીએ કહ્યું, ''જરૂર.... જરૂર....'' પછી તેમને લઈ પ્રધાનજી ગયા નદી કિનારે. સુદામાજીએ''તો અંતઃકરણ પૂર્વક ભગવાન શ્રીકૃષ્ણને યાદ કરી અને ડૂબકી લગાવીને જેવા બહાર નિકળ્યા. જોયું તો ફરી એ''ગોમતીજીનો કિનારો અને દ્વારકાનગરી પછી તેમને થયું હાશ માયાનગરીમાંથી માંડ છૂટ્યા અને દ્વારકાનગરી''દેખાઈ ખરી.''પાસે જ ભગવાન શ્રીકૃષ્ણ ઊભા હતા. તેમણે સુદામાજીને ગભરાયેલા જોયા. એટલે હસતાં હસતાં''ભગવાન શ્રીકૃષ્ણ સુદામાજીને પૂછે છે, ''આપણે પાંચ મીનીટ પહેલાં નાહવા ગોમતીજીમાં ઉતર્યા ત્યારે તમે''આનંદમાં હતા અને અત્યારે તમે પાણીમાં એક નાની ડૂબકી લગાવીને બહાર નિકળ્યા તેમાં આટલો બધો ડર''શેનો ?''''સુદામાજી તો વિચારમાં પડી ગયા. પોતે માયાનગરીમાં રાજા બન્યો. ત્યાં તેમના લગ્ન થયા. આઠ''સંતાનોનો પોતે પિતા બન્યો પછી રાણીનું મૃત્યું થયું અને પોતાને પણ ચિતા સાથે...''બધું યાદ આવતા''સુદામાજી તો રડવા લાગ્યા. ત્યારે ભગવાન શ્રીકૃષ્ણએ સુદામાજીને સ્પર્શ કર્યો પછી સુદામાજીની ભ્રમણા દૂર''થઈ પછી ભગવાન શ્રીકૃષ્ણએ કહ્યું, ''તમારે મારી માયા જોવી હતીને ? જોઈ લીધીને મારી માયા ?'' ત્યારે''સુદામાજીએ ભગવાનને કહ્યું, ''હે નાથ, તમારી માયા તો ખરેખર અલૌકીક છે.

આજનું ભજન

સોપ્યું સઘળું વ્હાલા, તું સંભાળજે,
''પાણી પહેલા બાંધી લેજે પાળ જો...
''શાને કાજે માનું ''હું'' ને ''માહરું'',
''તું જાણે ને તારું છે સૌ કાજ જો...
''મનની મૂંઝવણ ખંખેરી ખૂણે મૂકી,
''મારી નાહીં પણ તારી જશે લાજ જો...
''''પુનિત'' આવ્યો ખાલી લઈ બે હાથને,
''મૂડિ નહીં ત્યાં ક્યાંથી ગણવું વ્યાજ જો...

શ્રીમતિ રમણતારા કે. વ્યાસ

# અમદાવાદ ઈસ્કોન બ્રિજ અકસ્માત કેસ : પ્રજ્ઞેશ પટેલની જામીન અરજી ઉપર સુનાવણી પૂર્ણ : નવમી ઓગસ્ટે ચુકાદો



અમદાવાદ,તા.૮

અમદાવાદના ચકચારી ઈસ્કોન બ્રિજ અકસ્માત કેસમાં પ્રજ્ઞેશ પટેલના જામીન ઉપરની સુનાવણી પૂર્ણ થઈ છે. હવે આ અંગે કોર્ટ દ્વારા આગામી નવમી ઓગસ્ટના રોજ ચુકાદો સંભળાવવામાં આવશે. અત્રે ઉલ્લેખનિય છે કે, પ્રજ્ઞેશ પટેલના પુત્ર તથ્ય પટેલ દ્વારા ઈસ્કોન બ્રિજ ઉપર ટોળા ઉપર ગાડી ચઢાવી દેતાં નવ લોકોના મોત થયા હતા. આ ઘટનાએ સમગ્ર રાજયમાં ખળભળાટ મચાવી દીધો હતો. અકસ્માત સ્થળેથી લોકો સાથે માથાકુટ કરીપોતાના પુત્રને લઈ જવા મામલે પ્રજ્ઞેશ પટેલ સામે ફરિયાદ નોંધવામાં આવી હતી. ત્યારબાદ તેની ધરપકડ કરી જેલ હવાલે કરવામાં આવ્યો હતો. જેલમાંથી છૂટવા પ્રજ્ઞેશ પટેલ દ્વારા જામીન અરજી દાખલ કરવાં આવી હતી. જેની ઉપર કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સુનાવણી પૂર્ણ થયા બાદ કોર્ટે પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. જેની સુનાવણી હવે નવમી ઓગસ્ટના રોજ કરવામાં આવશે. કોર્ટમાં સુનાવણી સમયે પ્રજ્ઞેશ પટેલના વકીલે દલીલ કરી હતી કે, એક પિતાએ તેના દિકરાને બચાવવાની ફરજ નિભાવી હતી. આવા સમયે એક પિતા જે કરી શકે તે તેણે કર્યું. આ ઉપરાંત કોર્ટમાં દલીલ કરતાં કહ્યું કે, ફોન ઉપર CIMSમાં લઈ જવાનું કહીને લઈ ગયા હતા. તેમજ તેમને માત્ર પોતાના બાળકને બચાવવા માટેન પગલાં ભર્યા હતા. જયારે પ્રજ્ઞેશના વકીલ તરફથી એવી પણ દલીલ કરવામાં આવી કે, પ્રજ્ઞેશ પટેલ ઉપર લાગેલી અમુક કલમો આ કેસમાં લાગુ પડતી નથી. બીજા કેસને આ કેસ સાથે જોડવો ન જોઈએ. જ્યારે બીજી તરફ સરકારી વકીલે કોર્ટમાં દલીલ કરતાં કહ્યું કે, જામીન આપ્યા તો સાક્ષીઓને નુકસાનની શક્યતા અને તેઓ કોઈ પણ પગલા ભરી શકે છે. કોઈપણ પિતા દીકરાને હોસ્પિટલ લઈ જાય તે સમજી શકાય પરંતુ ૯ લોકોની લાશો ત્યાં પડેલી હતી. જેના ઉપર પણ તેઓ કોઈની માફી માંગવાના બદલે ત્યાંથી ભાગી ગયા હતા. તથ્યની ગાડીના અંગે વાત કરતાં સરકારી વકીલે કહ્યું કે, ગાડીમાં પની કેપેસિટી હતી જેમાં ૬ લોકો બેઠેલા હતા અને આરોપીએ ૧૪૦ની સ્પીડે ગાડી ચલાવી હતી. તેમજ આરોપીના પુત્ર આવા ગુનાઓ કરવા ટેવાયેલા છે. જ્યારે આરોપીને અકસ્માતમાં ઈજાઓ પહોંચી છે માથામાં કાચ વાગ્યા છે તેના કારણે ઈજાઓ પહોંચી કોઈ પણ માર માર્યો હોય અને બચાવા ગયા હોય તેવી કોઈ વાત નથી. સરકારી વકીલ તરફથી એવી પણ દલીલ કરવામાં આવી કે, પ્રજ્ઞેશ પટેલે ઘટના સ્થળે ધાક ધમકી આપેલી છે, તેમજ લોકોને રિવોલ્વરની ધમકી આપી હતી. જ્યારે હજુ ત્રણ ઈજાગ્રસ્તના નિવેદન લેવાના બાકી છે અને કેસમાં હજુ પણ તપાસ ચાલુ છે. જેના ઉપર કાર્યવાહી થઈ શકે છે. પ્રજ્ઞેશ પટેલના જૂના ગુનાઓ કોર્ટ સમક્ષ રજૂ કરાયા હતા. તેની વિરુદ્ધ કુલ ૧૦ ગુના છે. વેજલપુરમાં ૧, સોલામાં ૩, રાણીપમાં ૧ ગુનો જયારે સરખેજમાં ૨, DCPમાં ૧ અને મહિલા પોલીસ મથકે ૨ ગુનો નોંધાયેલા છે તો બીજી તરફ મહેસાણામાં પણ ૧ ગુનો નોંધાયો છે. સરકારી વકીલે પ્રજ્ઞેશનો ક્રિમીનલ ઈતિહાસ રજૂ કર્યો હતો.

# ‘ટેઈલ સ્ટ્રાઈક’ માટે ઈન્ડિગોને રૂા.૩૦ લાખનો દંડ ફટકારવામાં આવ્યો, ટેઈલ સ્ટ્રાઈક શું છે અને તે કઈ સમસ્યાઓના લીધે સર્જાય છે ?

નવી દિલ્હી, તા.૮

ગયા અઠવાડિયે, ભારતીય એવિએશનરેગ્યુલેટર ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA)એ છેલ્લા છ મહિનામાં વિમાનના પાછળના ભાગ રનવે ઉપર ટકરાવવાની ઘટનાને લઈને ઈન્ડિગોને રૂા. ૩૦ લાખનો દંડ ફટકાર્યો હતો. જ્યારે એરક્રાફ્ટનો પાછળનો ભાગ, ટેકઓફ અથવા લેન્ડિંગ દરમ્યાન રનવે અથવા કોઈપણ સ્થિર વસ્તુના સંપર્કમાં આવે છે ત્યારે તેને ‘ટેઈલ સ્ટ્રાઈક’ કહેવામાં આવે છે. આ ઘટનાઓમાં વિશેષ ઓડિટ પછી, DGCAએ એરલાઈનના ઓપરેશન્સ, તાલીમ પ્રક્રિયાઓ અને એન્જિનિયરિંગ પ્રેક્ટિસને લગતા દસ્તાવેજોમાં ચોક્કસ પ્રણાલીગત ખામીઓ શોધી કાઢી હતી. ડીજીસીએએ ઈન્ડિગોને કારણદર્શક નોટિસ જારી કરીને તેમને નિર્ધારિત સમયગાળામાં જવાબ આપવાનો નિર્દેશ આપ્યો હતો. જો કે, DGCAને એરલાઈનનો પ્રતિસાદ સંતોષકારક લાગ્યો ન હતો અને તેણે આ દંડ લાદ્યો હતો, જ્યારે ઈન્ડિગોને DGCAની આવશ્યકતાઓ અને મૂળ સાધનસામગ્રી ઉત્પાદક (OEM) માર્ગદર્શિકા અનુસાર તેમના દસ્તાવેજો અને પ્રક્રિયાઓમાં સુધારો કરવાનો નિર્દેશ પણ આપ્યો હતો. તેના જવાબમાં, ઈન્ડિગોએ એક નિવેદન બહાર પાડ્યું હતું જેમાં નોંધ્યું હતું કે આ ઓડિટ સંભવતઃ છેલ્લા છ મહિનામાં A321 એરક્રાફ્ટની ચાર ટેલ સ્ટ્રાઈકની ઘટનાઓને ધ્યાનમાં રાખીનેહાથ ધરવામાં આવ્યું હતું. તેણે એમ પણ કહ્યું હતું કે એરલાઈને ૧૯ જુલાઈ, ૨૦૨૩ના રોજ કારણદર્શક નોટિસનો જવાબ આપ્યો હતો, જે દર્શાવે છે કે OEM દ્વારા નિર્ધારિત અને નિયમનકારી માર્ગદર્શિકાઓમાં મંજૂર કરાયેલી પ્રક્રિયાઓનું કોઈ ઉલ્લંઘન થયું નથી. IndiGoને આ આદેશ સામે સંભવતઃ અપીલ કરવા માટે એક મહિનાનો સમય આપવામાં આવ્યો છે. IndiGoએ DGCA ઓર્ડરની તપાસ કરી રહી છે અને DGCA ઓર્ડરનો નિયત સમયે જવાબ આપશે. DGCAને ઈન્ડિગોની પ્રક્રિયામાં જોવામાં આવેલો એક મુખ્ય મુદ્દો એહતો કે તેપાઈલટોને ‘ફ્લૅપ ૩’ લેન્ડિંગનો ઉપયોગ કરીને તેમના વિમાનોને લેન્ડ કરવા માટે કહેતી હતી. આ લેન્ડિંગ ટેકનિકમાં ઉપલબ્ધ ચારમાંથી માત્ર ત્રણ ફ્લૅપ્સનો ઉપયોગ કરવાનો સમાવેશ થાય છે, અને પ્લેનના રનવે દરમ્યાન ઈંધણનો ઓછો વપરાશ થાય છે. પાઈલટોને કહેવામાં આવ્યું છે કે આ તકનીકનો ઉપયોગ કરીને દરેક લેન્ડિંગ સાથે ૬ કિલો ઈંધણ બચાવી શકાય છે. મુંબઈ, દિલ્હી અને બેંગલુરૂ જેવા ઊંચાઈ ઉપર સ્થિત એરપોર્ટ ઉપર આવા લેન્ડિંગ વધુ મુશ્કેલ હોઈ શકે છે. ટેઈલસ્ટ્રાઈકતમામ મોડેલોઅને વિમાનોના પ્રકારોમાં થઈ શકે છે, પરંતુ ચોક્કસ એરક્રાફ્ટ ડિઝાઈન, ખાસ કરીને લાંબા ફ્યુઝલેજ સાથેઆ સમસ્યા માટે વધુ હોય છે. એરબસનું A321 મોડલમાં "વધુ ફ્યુઝલેજ" છે, જેની લંબાઈ ૧૪૬ ફૂટ છે. એરક્રાફ્ટ ઉત્પાદક એરબસ તેને તેના A320 પરિવારના સૌથી લાંબા ફયુઝલેજ સભ્ય તરીકે



ઓળખાવે છે, જે ઈન્ડિગો એરક્રાફ્ટનો એક ભાગ છે. નિષ્ણાતોના મતે, ઉત્પાદકો વધુને વધુ લાંબા ફ્યુઝલેજ સાથે એરક્રાફ્ટ બનાવતા હોવાથી ટેઈલ સ્ટ્રાઈક વધુ સામાન્ય બની ગયા છે. ૧૯૯૮ અને ૨૦૧૪ની વચ્ચે પ્રકાશિત થયેલ ત્રિમાસિક સામયિક AEROમાં એક લેખ અનુસાર, ટેઈલ સ્ટ્રાઈક એ દિવસ અને રાત બંનેમાં તેમજ સારા કે ખરાબ હવામાનમાં પણ થઈ શકે છે, પરંતુ સૌથી મહત્વપૂર્ણ યોગદાન આપતું પરિબળ ચોક્કસ એરક્રાફ્ટ મોડેલ સાથે ફ્લાઈટ ક્રૂનો અનુભવ છે. મોટાભાગે તે એવા પાઈલોટ્સ દ્વારા થાય છે જેઓ એક વિમાનના મોડેલમાંથી બીજામાં સંક્રમણ કરી રહ્યાં છે અને નવા મોડલમાં ૧૦૦ કલાકથી ઓછા ફ્લાઈટનો અનુભવ ધરાવે છે. યુરોપિયન એરક્રાફ્ટ નિર્માતા એરબસના ડેટા અનુસાર, લગભગ ૬૫ ટકા ટેઈલ સ્ટ્રાઈક લેન્ડિંગ દરમ્યાન થાય છે, જ્યારે બાકીની ટેકઓફ દરમ્યાન થાય છે. લેન્ડિંગ દરમિયાન લગભગ દરેક ટેઈલ સ્ટ્રાઈકમાં ફાળો આપતું સૌથી સામાન્ય પરિબળ એ અસ્થિર અભિગમ છે જ્યારે એરક્રાફ્ટ યોગ્ય ઝડપ અથવા ઊંચાઈએ ઉતરવામાં આવતું નથી. ત્યારે ટેઈલ સ્ટ્રાઈક થાય છે. લેન્ડિંગ ટેઈલ સ્ટ્રાઈકનું બીજું સૌથી સામાન્ય કારણ, જયારે એરક્રાફ્ટ જમીનની નજીક હોય છે, ત્યારે પવનનો વેગ ઘટે છે, અને પવનની દિશા વળે છે, એરબસ દસ્તાવેજ સમજાવે છે. ફ્લાઈટ ક્રૂએ ધ્યાન રાખવું જોઈએ કે આ તબક્કા દરમ્યાન અને ખાસ કરીને ફ્લેર દરમ્યાન ક્રોસવિન્ડની અસર અચાનક એરક્રાફ્ટની પિચને વધારી શકે છે, અને તેના પરિણામે ટેઈલ સ્ટ્રાઈક થઈ શકે છે. AEROના લેખ મુજબ, ટેક-ઓફ દરમ્યાન ટેઈલ સ્ટ્રાઈકનું બીજું એક નોંધપાત્ર કારણ એ છે કે જ્યારે વિમાન જરૂરી ઝડપે ન પહોંચ્યું હોય, જે બળતણ, મુસાફરો અને કાર્ગોના વજનના આધારે બદલાય છે. જો પાયલોટ જરૂરી ઝડપ પ્રાપ્ત કરતા પહેલા નોઝ વ્હીલને ઉપાડવા માટે કંટ્રોલ સ્ટીક ખેંચેછે, તો ટેઈલ સ્ટ્રાઈકનું જોખમ રહેલું છે. તેમાં વધારાના પરિબળો ભૂમિકા ભજવી શકે છે. સૌથી અગત્યનું, દરેક ફ્લાઈટ ક્રૂના સીધા નિયંત્રણ હેઠળ છે અને તેથી યોગ્ય સમજણ અને તાલીમ સાથે તે ટાળી શકાય છે. ટેઈલ સ્ટ્રાઈકને કારણે સામાન્ય રીતે જાનહાનિનું ઓછું જોખમ હોય છે, ત્યારે આ ઘટનાઓ એરક્રાફ્ટને ગંભીર નુકસાન પહોંચાડી શકે છે અને ઓપરેટરોને સમારકામમાં લાખો ખર્ચ થાય છે અને તેઓને આવક ગુમાવવી પડે છે.

# ભારતમાં લેપટોપ-કોમ્પ્યૂટરની આયાત ઉપર પ્રતિબંધ મૂકવાથી શું લેપટોપની કિંમત વધી જશે ? શું વિદેશમાંથી ખરીદીને ભારત લાવી શકાશે ? જાણો જવાબ

મુંબઈ તા.૮

ભારતે ૩ ઓગષ્ટે તાત્કાલિક અસરથી લેપટોપ અનેપર્સનલ કમ્પ્યુટરની આયાત ઉપર પ્રતિબંધ મૂક્યો છે. જો કોઈ કંપની ભારતમાં વેચાણ માટે લેપટોપ અને પર્સનલ કોમ્પ્યુટર લાવવા માંગે છે, તો તેણે દરેક કન્સાઈનમેન્ટ માટે લાઈસન્સ લેવું પડશે. આનો ફાયદો એ થશે કે લેપટોપ બનાવતી વિદેશી કંપનીઓએ ભારતમાં તેમની પ્રોડક્શન ફેક્ટરીઓ સ્થાપવી પડશે.

અચાનક આ પગલાંનો અર્થ એ થશે કે Apple જેવી કંપનીઓ, જે MacBook તેમજ Mac Mini અને અન્ય કમ્પ્યુટર્સનું વેચાણ કરે છે, તેણે ભારતમાં આ ગેજેટ્સની આયાત તરત જ બંધ કરવી પડશે. આ જ નિયમો Lenovo, HP, Asus, Acer, Samsung અને અન્ય કંપનીઓને લાગુ પડે છે જેઓ વિદેશમાંથી આયાત કર્યા પછી ભારતમાં લેપટોપ અને પર્સનલ કોમ્પ્યુટર વેચે છે. ભારતમાં વેચાતા મોટા ભાગના લેપટોપ અને પર્સનલ કોમ્પ્યુટર ચીનમાં બનેલા છે અથવા ચીનમાં એસેમ્બલ કરવામાં આવે છે. આ નવો નિયમ લાગુ થયા બાદ હવે ઉત્પાદન અને એસેમ્બલિંગનું કામ ભારતમાં ટ્રાન્સફર થવાની આશા છે. સ્માર્ટફોન મેન્યુફેક્ચરિંગમાં દેશે જે હાંસલ કર્યું છે તેના જેવું જ છે. ડાયરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડે ૩ ઓગષ્ટથી લેપટોપની આયાત પ્રતિબંધ અંગે નિર્દેશ જારી કર્યો છે. નોટિસમાં જણાવાયું છે કે HSN 8741 હેઠળ આવતા લેપટોપ, ટેબલેટ, ઓલ-ઈન-વન પર્સનલ કમ્પ્યુટર્સ અને અલ્ટ્રા સ્મોલ ફોર્મ ફેક્ટર કમ્પ્યુટર્સ અને સર્વર્સની આયાત ઉપર પ્રતિબંધ રહેશે અને આ તમામ વસ્તુઓની આયાત માત્ર માન્ય લાયસન્સના આધારે જ મંજૂરી આપવામાં આવશે. આ પગલાથી રિલાયન્સ જેવી કંપનીઓને પણ મદદ મળી શકે છે, જેણે બે દિવસ પહેલા JioBook લોન્ચ કરી હતી અને અન્ય ભારતીય કંપનીઓને પણ તેનો ફાયદો થશે. જો કે, સ્થાનિક કંપનીઓ માટે આયાત મુક્તિ લાઈસન્સ મેળવવું સરળ બની શકે છે, જેથી તેઓ ચીનમાંથી લેપટોપ મેળવી શકે. આગામી સમયમાં આ નિયમ અંગે વધુ સ્પષ્ટતા થશે. અત્યારે એવું કહી શકાય કે હાલમાં માર્કેટમાં જે લેપટોપ ઉપલબ્ધ છે તેની કિંમતો વધી જશે. કારણ કે ટુંક સમયમાં નવા નિયમો બજારમાં અછત સર્જશે. બીજા શબ્દોમાં કહીએ તો, જો તમે આ સમજો છો, તો લેપટોપની માંગ વધુ હશે અને પુરવઠો ઓછો હશે, તેથી તેમની કિંમતો વધશે. ભારતમાં, લેપટોપ અને પીસીના કુલ બજાર કદના ૬૫ ટકા બહારથી આયાત કરવામાંઆવે છે. આવી સ્થિતિમાં સરકારનું આ પગલું દેશમાં લેપટોપની આયાત ઘટાડીને સ્વદેશી લેપટોપ મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવાનું છે. આનાથી એપલ, એચપી અને લેનોવો જેવી કંપનીઓના સપ્લાયને અમુક સમય માટે ચોક્કસ અસર થશે. એટલા માટે એવી અપેક્ષા રાખવામાં આવે છે કે વિદેશથી આયાત કરાયેલા લેપટોપ અને પીસીના ભાવ થોડા સમય માટે વધી શકે છે, પરંતુ ધીમે ધીમે જયારે કંપનીઓ ભારતમાં તેમનું ઉત્પાદન શરૂ કરશે, ત્યારે તેમની કિંમતો ફરીથી નીચે આવશે. આ સાથે ભારતીય કંપનીઓના લેપટોપ અને પીસીના વેચાણમાં વધારો થશે.

## ટમેટાં બાદ ડુંગળી પણ રડાવશે

# આવક ઘટતાં સપ્ટેમ્બરમાં ડુંગળીના ભાવ ૬૦ રૂપિયાને પાર જશે

નવી દિલ્હી, તા.૮

મોંઘવારીના વધુ એક માર માટે તૈયાર થઈ જાઓ. ગૃહિણીઓનું રસોડાનું બજેટ વધુ એક વખત ખોરવાઈ શકે છે. સમગ્ર દેશમાં ટામેટાના ભાવ આસમાન પહોંચ્યા છે. ક્યાંક ટામેટા રૂા.૧૨૦ પ્રતિ કિલો વેચાઈ રહ્યા છે તો ક્યાંક રૂા.૨૦૦ને પાર કરીગયા છે. જો કે, કેટલીક જગ્યાએ ટામેટાંના ભાવમાં રાહત જોવા મળી છે. ત્યારે હવે ડુંગળી લોકોને રડાવશે. ડુંગળીના ભાવમાં પણ વધારો થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ડુંગળીના ભાવમાં રેકોર્ડ વધારો થઈ શકેછે. હાલમાં ડુંગળીનો ભાવ રૂા૨૮થી રૂા.૩૨ છે. મે-જૂન મહિનામાં ૧૦થી ૨૦ રૂપિયામાં મળતી ડુંગળી સપ્ટેમ્બરમાં તેના રંગમાં આવી શકે છે. સપ્ટેમ્બરમાં ડુંગળીના ભાવ ૬૦થી ૭૦ રૂપિયાને પાર થવાની આશંકા છે. રેટિંગ એજન્સી ક્રિસિલના જણાવ્યા પ્રમાણે આવતા મહિને મંડીઓમાં ડુંગળીની આવક ઘટી શકે છે જેના કારણે ભાવમાં વર્તમાન ભાવ કરતાં બમણાથી અઢી ગણો વધારો થઈ શકે છે. જો કે, ઓકટોબરમાં નવા પાકના આગમન સાથે ભાવમાં ઘટાડો નોંધાઈ શકે છે. માંગ-પુરવઠાના અસંતુલનની અસર ઓગસ્ટના અંત સુધીમાં ડુંગળીના ભાવ ઉપર જોવા મળે તેવી શક્યતા છે. સપ્ટેમ્બરની શરૂઆતથી રિટેલ માર્કેટમાં ભાવમાં નોંધપાત્ર વધારો થવાની ધારણા છે અને તે ૬૦-૭૦ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી શકે છે.

# વ્હોટ્સએપ ઈ-મેઈલ એડ્રેસનો ઉપયોગ કરીને તમારા એકાઉન્ટને સુરક્ષિત કરી શકો છો; આ ફિચર વિકસાવવામાં આવી રહ્યું છે

(એજન્સી) તા.૮

મેટા-માલિકીનું મેસેજિંગ પ્લેટફોર્મ વ્હોટ્સએપ કથિત રીતે એન્ડ્રોઈડ બીટા માટે એક નવા સુરક્ષા ફિચર માટે કામ કરી રહ્યું છે જે ઈ-મેઈલ એડ્રેસનો ઉપયોગ કરીને યુઝરના એકાઉન્ટને સુરક્ષિત કરશે. WABetaInfoના અહેવાલ મુજબ, આ પ્લેટફોર્મ યુઝર એકાઉન્ટને સુરક્ષિત કરવા અને ચકાસવા માટે વપરાશકર્તાના ઈ-મેઈલ એડ્રેસ આપવા માટે કહેશે. વ્હોટ્સએપ એકાઉન્ટ્સની સુરક્ષાને બહેતર બનાવવા માટે ઈ-મેઈલ એડ્રેસ કયા ખાસ સંજોગોમાં મદદરૂપ થશે તે અત્યારે અજ્ઞાત છે કારણ કે, આ સુવિધા હાલમાં વિકાસ



હેઠળ છે. આ સુવિધા વૈકલ્પિક હશે અને બે-સ્ટેપ વેરિફિકેશન વખતે ઈ-મેઈલ એડ્રેસ માટે પૂછવામાં આવતા ફિચરથી અલગ હશે. ઈ-મેઈલ એડ્રેસનો ઉપયોગ કરીને એકાઉન્ટને સુરક્ષિત કરવા માટેનું નવું સિકયોરિટી ફિચર એપના ભવિષ્યના અપડેટમાં રોલઆઉટ થવાની અપેક્ષા છે. ગયા મહિને એવું સામે આવ્યું હતું કે, મેસેજિંગ પ્લેટફોર્મ એન્ડ્રોઈડ બીટા ઉપર જ્યારે વપરાશકર્તાઓ અજાણ્યા ફોન નંબરો ઉપરથી સંદેશા મેળવે છે ત્યારે તેના માટે આ નવા સલામતી સાધનો રજૂ કરવામાં આવી રહ્યા છે. આ પ્લેટફોર્મ એન્ડ્રોઈડ બીટા ઉપર ‘ફોન નંબર સાથે લિંક’ ફિચર પણ રોલ આઉટ કરી રહ્યું છે, જે વપરાશકર્તાઓને તેમના ફોન નંબરનો ઉપયોગ કરીને તેમના એકાઉન્ટને વ્હોટ્સએપ વેબ સાથે લિંક કરવાની સુવિધા આપે છે. આ ફિચરની મદદથી યુઝર્સ QR કોડ સ્કેન કર્યા વગર તેમના એકાઉન્ટને વ્હોટ્સએપ વેબ સાથે લિંક કરી શકે છે. જુલાઈમાં મેટા-માલિકીના પ્લેટફોર્મે એન્ડ્રોઈડ બીટા ઉપર એક સુવિધા શરૂ કરી હતી જે વપરાશકર્તાઓને સંદેશા ફોરવર્ડ કરતી વખતે નવા જૂથો બનાવવાની સુવિધા આપે છે.

# ‘પોલીસ દળોને સંવેદનશીલ બનાવવાની જરૂર છે’ : સુપ્રીમ કોર્ટે દ્વેષપૂર્ણ ભાષણોના કાયમી ઉકેલ માટે હાંકલ કરી



નવી દિલ્હી તા.૮

સુપ્રીમ કોર્ટે તાજેતરમાં અપ્રિય અને નફરતના ભાષણની સમસ્યાનો કાયમી ઉકેલ શોધવા માટે પગલાં લેવાનો આદેશ આપ્યો હતો. દ્વેષપૂર્ણ ભાષણ ઉપરના કાયદાના અમલીકરણમાં મુશ્કેલી અંગે, ન્યાયમૂર્તિ સંજીવ ખન્નાએ પોલીસ દળોને યોગ્ય રીતે સંવેદનશીલ બનાવવાનું સૂચન કર્યું હતું જેથી દ્વેષયુક્ત ભાષણનો ભોગ બનેલા લોકો કોર્ટમાં આવ્યા વિના અર્થપૂર્ણ સહાયતા મેળવી શકે. તેમણે કહ્યું કે, મુશ્કેલી એ છે કે. ‘અપ્રિય ભાષણ’ની વ્યાખ્યા એકદમ જટિલ છે અને સ્વતંત્ર ભાષણના પરિમાણોમાં ‘અપ્રિય ભાષણ’ને કેવી રીતે સમજી શકીએ કારણ કે અનેક ચુકાદાઓમાં પૂરતી વ્યાખ્યાઓ છે. તે એક મુદ્દો છે. પરંતુ મુખ્ય સમસ્યા વ્યાખ્યાની નથી પરંતુ અમલીકરણના પાસાઓની છે. તમારે તેના વિશે વિચારવું પડશે. આ મુદ્દાઓને ઉકેલવા માટે પોલીસ દળોને સંવેદનશીલ બનાવવાની જરૂર છે.

હરિયાણામાં નૂહ અને ગુરૂગ્રામમાં સાંપ્રદાયિક હિંસાને પગલે દિલ્હી રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ (NCR)ના વિવિધ ભાગોમાં વિશ્વ હિન્દુ પરિષદ (VHP) અને બજરંગ દળ દ્વારા આયોજિત રેલીઓ અને વિરોધ માર્ચ સામેની અરજીની સુનાવણી દરમ્યાન કોર્ટ દ્વારા આ અવલોકનો કરવામાં આવ્યા હતા. જસ્ટિસ સંજીવ ખન્ના અને એસવીએન ભાટીની ડિવિઝન બેન્ચે સુનાવણી મુલતવી રાખી હોવા છતાં, કોર્ટરૂમમાં સંક્ષિપ્ત વિનિમય થયો હતો, જે દરમ્યાન કોર્ટે પક્ષકારોને રચનાત્મક અભિગમ અપનાવવા અને ઉકેલ શોધવા વિનંતી કરી હતી. સોલિસિટર જનરલે કહ્યું કે, ઉપલબ્ધ ઉપાયો કર્યા વિના અરજદારોએ અકાળે સર્વોચ્ચ અદાલતનો સંપર્ક કર્યો હતો. ત્યારે જસ્ટિસ ખન્નાએ કહ્યું કે, અપ્રિય ભાષણ ઉપરનો કાયદો જટિલ છે. જ્યાં સુધી અમલ અથવા અમલીકરણનો સંબંધ છે, તો દરેક વ્યક્તિ કોર્ટમાં આવી શકતી નથી.

જસ્ટિસ ખન્નાએ જવાબમાં પોલીસ દળોમાં સંવેદનશીલતાના અભાવ ઉપર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે, આ મુદ્દાઓને ઉકેલવા માટે પોલીસ દળોને સંવેદનશીલ બનાવવાની જરૂર છે. કાયદા અધિકારી સંમત થયા અને કહ્યું કે આ દેશના હિતમાં નથી, સમુદાયોના હિતમાં નથી. પરંતુ, મુશ્કેલી એ છે કે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કરનારા અરજદારો ‘પસંદગીયુક્ત’ વલણ અપનાવે છે. આ અરજદાર, દિલ્હીમાં રહે છે અને કેરળનો વતની છે અને મહારાષ્ટ્રમાં એક જ સમુદાય માટે અરજી કરે છે. અરજદાર તરફથી હાજર રહેલા વરિષ્ઠ એડવોકેટ સી.યુ. સિંઘે કહ્યું કે, આ મુદ્દો એ છે કે, તે માત્ર દ્વેષપૂર્ણ ભાષણ નથી. આ નરસંહાર માટેના કોલ છે. એડવોકેટ નિઝામ પાશાએ કહ્યું કે, અમારે વારંવાર કોર્ટનો સંપર્ક કરવો પડે છે તેનું કારણ એ છે કે પોલીસ પ્રથમ માહિતી અહેવાલો નોંધવાનો ઈનકાર કરે છે, ત્યારે કાયદામાં એક પ્રક્રિયા છે. એક જ લોકો વારંવાર નફરતના ભાષણો કરે છે અને તમે પરિણામો જોઈ શકો છો. એક સમુદાયને રાજય અથવા વિસ્તાર છોડવા માટે કહેવામાં આવતા ભાષણો કરવામાં આવે છે. જસ્ટિસ ખન્નાએ તમામ પક્ષોને રચનાત્મક અભિગમ અપનાવવા વિનંતી કરતાં કહ્યું કે, આપણે આનો ઉકેલ શોધવો પડશે. એક એવો ઉકેલ હોવો જરૂરી છે કે જે દ્વેષપૂર્ણ ભાષણનો ભોગ બનેલા લોકોને અદાલતમાં આવ્યા વિના ન્યાય પ્રાપ્ત કરી શકે. અમે આ સમસ્યાનો સામનો કરવાનો કોઈક રસ્તો શોધવો જોઈએ. દરેક વ્યક્તિએ કોર્ટમાં આવવું જોઈએ નહીં. આ અઠવાડિયે, હરિયાણાના નુહમાં સાંપ્રદાયિક હિંસા થઈ હતી જે દિલ્હી નજીક ગુરૂગ્રામમાં ફેલાઈ ગઈ હતી. તેના જવાબમાં, વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળે સમગ્ર રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં વિરોધ માર્ચની જાહેરાત કરી હતી. આ રેલીઓ મોટા પાયે હિંસા તરફ દોરી જશે તેવી આશંકાથી, શાહીન અબ્દુલ્લાએ સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ દ્વેષયુક્ત ભાષણ મામલે ઈન્ટરલોક્યુટરી અરજી દાખલ કરી, કોર્ટને તાત્કાલિક હસ્તક્ષેપ કરવા વિનંતી કરી હતી.

ફેબ્રુઆરીમાં, સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્ર રાજયને તેમની અરજીમાં ‘સકલ હિન્દુ’ રેલીઓમાં દ્વેષપૂર્ણ ભાષણોને રોકવા માટે નિર્દેશો આપ્યા હતા. હરિયાણાના ભિવાની અને નજફગઢમાં આ સંગઠનો દ્વારા અગાઉ યોજાયેલી રેલીઓમાં ઉશ્કેરણીજનક નિવેદનો આપવામાં આવ્યા હોવાનો આક્ષેપ કરતાં અરજીમાં કહેવામાં આવ્યું હતું કે, “નૂહ અને ગુડગાંવમાં સ્થિતિ અત્યંત તંગ છે અને સહેજ પણ ઉશ્કેરણીનું ખરાબ પરિણામ આવી શકે છે તે જોતાં ગંભીર જાનહાનિ અને સંપત્તિને નુકસાન થશે અને આ રેલીઓ જે સાંપ્રદાયિક આગને વધારતી હોય અને લોકોને હિંસાનો આશરો લેવા માટે ઉશ્કેરતી હોય, તેને મંજૂરી ન આપવી જોઈએ. આ અરજીનો ઉલ્લેખ મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડની બેંચ સમક્ષ તાત્કાલિક સૂચિ માટે કરવામાં આવ્યો હતો. ત્યારબાદ, જસ્ટિસ સંજીવ ખન્નાની આગેવાની હેઠળની બેંચ દ્વારા એક વિશેષ બેઠક યોજવામાં આવી હતી. જો કે કોર્ટે કોઈપણ રેલી અથવા વિરોધ કૂચને અગાઉથી રોકવાનો ઈન્કાર કર્યો હતો, તેણે પોલીસ સહિતના સત્તાવાળાઓને વિનંતી કરી હતી કે આ ઘટનાઓમાં કોઈ હિંસા ફાટી ન નીકળે અને અપ્રિય ભાષણની કોઈ ઘટના ન બને તે સુનિશ્ચિત કરે. ખંડપીઠે સત્તાવાળાઓને સીસીટીવી કેમેરાનો ઉપયોગ કરવા, જ્યાં જરૂરી હોય ત્યાં સંવેદનશીલ વિસ્તારોમાં રેલીઓનું વિડિયો રેકોર્ડિંગ કરવા અને તમામ વીડિયો અને સર્વેલન્સ ફૂટેજને સાચવવાનો નિર્દેશ પણ આપ્યો હતો. કોર્ટે કહ્યું કે, અમને આશા છે અને વિશ્વાસ છે કે પોલીસ સત્તાવાળાઓ સહિત રાજય સરકારો એ સુનિશ્ચિત કરશે કે કોઈપણ સમુદાય વિરૂધ્ધ કોઈ દ્વેષપૂર્ણ ભાષણો ન થાય અનધ્ કોઈ હિંસા કે મિલકતોનેનુકસાન ન થાય. જરૂર જણાય ત્યાં પૂરતા પ્રમાણમાં પોલીસ દળ અથવા અર્ધલશ્કરી દળો તૈનાત કરવામાં આવશે. વધુમાં, પોલીસ સહિતના સત્તાવાળાઓ સીસીટીવી કેમેરાનો ઉપયોગ કરશે જ્યાં જરૂરી હોય ત્યાં તમામ સંવેદનશીલ વિસ્તારોમાં સીસીટીવી કેમેરા લગાવશે અથવા વીડિયો રેકોર્ડિંગ કરશે. સીસીટીવી ફૂટેજ અને વીડિયો સાચવી રાખવામાં આવશે. વધુમાં, કોર્ટે રજિસ્ટ્રીને ઉત્તરપ્રદેશ, હરિયાણા અને રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ દિલ્હીની સરકારોના સ્ટેન્ડિંગ કાઉન્સેલને આદેશની જાણ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

# વેરાવળના બીજમાં એલસીબીનો સ્ટાફ જ દારૂ વેંચાવતો હોવાથી ગ્રામજનો બરબાદ થઈ રહ્યા હોવાની ગ્રામ પંચાયત દ્વારા ફરિયાદ



**ગામમાંથી દારૂનું દુષણ બંધ કરાવવા ત્રણેક વર્ષથી ર સ્થાનીકથી લઈને ગૃહમંત્રી સુધી તમામ સ્તરે ગ્રામ પંચાયતે લેખીત-મૌખિક રજુઆત કરતી હોવા છતાં દારૂનું વેચાણ બંધ થતું નથી : મહિલા સરપંચે સરકાર અને પોલીસની બંધ આંખો ઉઘાડવા જનતા રેડ કરવાની અંતિમ ચીમકી ઉચ્ચારી : બીજ ગામમાં ગાંધીજીના સિદ્ધાંતો સાથે પૈસાની લાલશામાં પોલીસ સમાધાન કરતી હોવાના ગ્રામજનોએ કર્યા ગંભીર આક્ષેપા**

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૮

ગાંધીજીના ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર જ હોવાની પ્રતિતી કરાવતી ઘટનાઓ છાશવારે સામે આવે છે. તાજેતરમાં જ દારૂ પ્રકરણને લઈ કલંકિત બનેલ ગીર સોમનાથ પોલીસ ફરી દારૂબંધીને લઈ કેવી રીતે સિદ્ધાંતો સાથે સમાધાન કરે છે તેવી ઘટના ગ્રામ પંચાયત દ્વારા પ્રકાશમાં લાવતા ચકચાર પ્રસરી છે. જેમાં વેરાવળના બીજ ગ્રામ પંચાયતના સરપંચએ દારૂબંધીને લઈ જિલ્લા પોલીસવડાને સણસણતો પત્ર લખી એલસીબી બ્રાન્ચના બે અને સ્થાનીક પોલીસના એક કર્મચારીઓના નામ જોગ ગંભીર આક્ષેપ કરતા કહેલ કે, બીજ ગામમાં તો પોલીસ જ હપ્તા લઈ દારૂ વેચવા દબાણ કરે છે. જેની સાબિતીરૂપે ગામના જ એક દારૂના ધંધાર્થીનો વિડીયો જાહેર કર્યો છે જેમાં બુટલેગરે ક્રાઈમ બ્રાન્ચના કર્મચારીઓની કથિત કામગીરીના વટાણા વેરી નાખતી વાતોનો ખુલાસો કર્યોછે. જો ગામમાં સંપૂર્ણ દારૂબંધીનો અમલ કરવા પોલીસ કડક કાર્યવાહી નહીં કરે તો ગામની મહિલાઓને નાછુટકે જનતા રેડ કરવાની ફરજ પડશે તેવી મહિલા સરપંચએ આક્રોશભેર ચીમકી ઉચ્ચારી છે. વેરાવળના બીજ ગામે ગાંધીજીના મૂલ્યો સાથે પોલીસે જ સમાધાન કરી લીધુ હોય તેમ પોલીસ કર્મીઓ જ ગામમાં દારૂના દુષણને ડામી દેવાના બદલે ચાલુ રાખી વેંચાણ કરવા દબાણ કરતા હોવાના ગંભીર આરોપ અંગે સરપંચના પ્રતિનિધિ ડો.અનિલ વાજા વાતચીતમાં જણાવે છે કે, અમારા ગામમાં મોટોવર્ગશ્રમિક છે જે દરરોજ મજુરી કરીને રૂા.૩૦૦ થી ૪૦૦ કમાઈ ગુજરાન ચલાવેછે. તેમાંથી મોટી રકમનો દારૂ પી જાય પછી એ શ્રમિકપત્ની, બાળકોને મારમારે છે. આ દુષણના કારણે તે ક્યારેય બાળકોને શિક્ષિત બનાવવા તરફ વિચારતા જ ન હોવાના પરીણામે આવા પરીવારો સમૃધ્ધ થવાના બદલે બરબાદ થઈ રહ્યા છે. ગામમાં દારૂનું દુષણ બંધ ન થવા પાછળનું કારણ માત્ર પોલીસ જ છે. કારણ કે, એલસીબી બ્રાન્ચના પોલીસકર્મી નરેન્દ્ર જગમાલ પટાટ, ભાવેશ ગોવિંદ મોરી અને પ્રવિણ બામણિયા હપ્તાઓ લઈ અમારા ગામમાં બુટલેગરો મારફત દારૂ વેચાવે છે. ગામમાં અગાઉ દારૂ વેંચતા રામભાઈ ચુડાસમાએ ગામલોકોનું માંન રાખી દારૂ વેચવાનું બંધ કરેલ હોવા છતા દારૂ વેચવા માટે પોલીસ સ્ટાફ વારંવાર તેમને ફોને કરે છે. આ અંગેછેલ્લા ત્રણેક વર્ષથી સ્થાનીક પોલીસથી લઈ પોલીસવડા, ડીજીપી અને ગૃહમંત્રી હર્ષ સંઘવીને રૂબરૂ મળીને બીજ ગામમાં દારૂબંધીની પુર્ણ રીતે અમલવારી કરાવવા માટે અનેકવાર લેખીત- મૌખિક રજૂઆતો કરી છે. જેનુંહજુ સુધી પરીણામ મળ્યુ નથી.

### દારૂબંધીનો અમલ કરાવવા મહિલાઓએ મેદાનમાં આવવાની ફરજ પડશે

આ અંગે ગામના મહિલા સરપંચ શાંતિબેન વાજાએ રોષભેર જણાવેલ કે, એક તરફ સરકાર ગામડાઓનો વિકાસ કરી સમૃધ્ધ બનાવવાની વાતો કરે છે તો બીજી તરફ તેમની જ પોલીસ હપ્તાઓ લઈ અમારા ગામમાં દારૂ વેચાવે છે જે બંધ કરાવવા અમો ઘણા સમયથી પ્રયાસ કરી રહ્યા હોવા છતાં દારૂનું દુષણ બંધ જ થતું નથી. જેથી હવે ગામમાં જયાં દારૂ વેચાણ થાય છે ત્યાં અમો ગામની મહિલાઓ જ જનતા રેડ કરી તંત્ર અને સરકારની બંધ આખું ઉઘાડવાનું કામ કરીશું. તો ગામના યુવક કમલેશએ જણાવેલ કે, દરરોજ અમારા ગામમાં ૨૫૦ લીટર આસપાસ દારૂ પોલીસનીમીઠી નજરહેઠળ આવે છે. તેના વેચાણ માટે પોલીસ દસ હજારથી લઈને ૬૦ હજાર સુધીના હપ્તાઓ લઈ છે. ગામમાં પોલીસ જ દારૂ વેચાવતી હોવાથી અમારૂ કોઈ સાંભળતું જ નથી.

### તટસ્થ તપાસ થશે

આ મામલે ડીવાયએસપી વી.આર. ખેંગારએ જણાવેલ કે, બીજ ગ્રામ પંચાયતએ દારૂબંધી મામલે કરેલ લેખીત રજૂઆત અને પોલીસ કર્મચારીઓ ઉપર કરાયેલા આક્ષેપો અંગે તટસ્થ તપાસ કરવામાં આવશે અને દારૂના દુષણને ડામી દેવા કડક કાર્યવાહી કરાશે.

### દારૂના ધંધાર્થીના વિડીયોમાં સ્ફોટક વાતો

એક તરફ બીજ ગામમાં દારૂબંધીને લઈ પોલીસની કામગીરી સામે ગામના લોકો આક્રોશ વ્યકત કરી રહ્યા છે. તો બીજી તરફ ગામમાં જ રહેતા દારૂના જુના ધંધાર્થીનાવીડિયોએ પોલીસના ભ્રષ્ટાચારના વટાણા વેરી નાખ્યા છે. વિડીયોમાં દારૂના ધંધાર્થીએ ક્રાઈમ બ્રાન્ચના ભાવેશ મોરી નામના પોલીસ કર્મચારીના નામ સાથે હપ્તા વસુલ કરતા હોવાનું ખુલ્લુ જણાવ્યું છે તો તેને ફરી દારૂનો વેપલો ચાલુ કરવા પોલીસ તંત્રના જ લોકો ફોન કરી રહ્યા હોવાનો પણ ઘટસ્ફોટ કર્યો છે.

### જિલ્લા પોલીસ ફરી થઈ શર્મસાર

અત્રે નોંધનીય છે કે, તાજેતરમાં જ સુત્રાપાડાના પોલીસના કર્મીઓ પણ પકડેલા દારૂના મુદામાલનું બુટલેગરને વેંચાણ કર્યાનો ઘટસ્ફોટ થતા જિલ્લા પોલીસ શર્મસાર બની હતી. જેની હજુ શાહી સુકાઈ નથી ત્યાં હવે જિલ્લાની મહત્વની ગણાતી એવી ક્રાઈમ બ્રાન્ચના કર્મચારીઓ જ દારૂબંધીના સિદ્ધાંતોને પૈસાની લાલચે ઘોળીને પી જતા હોવાનો સરપંચ સહિતના ગ્રામજનોએ ખુલ્લા આક્ષેપો કર્યા છે. ત્યારે હવે બીજ ગામમાં દારૂનું વેંચાણ કાયમી માટે બંધ થશે કે પછી કંઈ નવા જુની તે જોવું રહ્યુ.

# ઉના-વેરાવળ રોડ ઉપર એક મકાનમાં જુગાર દરોડો : ૧૦ ઝડપાયા





(પ્રતિનિધિક દ્વારા)

ઉના, તા.૮

ગીર સોમનાથ જિલ્લાની લોકલ ક્રાઈમ બ્રાન્ચ પોલીસે ઈન્ચાર્જ પોલીસઈન્સ્પેક્ટર વી. કે. ઝાલાના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ્ટેબલ પ્રવીણભાઈ મોરી, પ્રફુલભાઈ વાઢેર, રાજુભાઈ ગઢીયા, જયરાજ સિંહ ગોહિલ, પોલીસ કોન્સ્ટેબલ સંદીપસિંહ ઝનકાટ અને સ્ટાફે ઊના શહેરમાં વેરાવળ રોડ ઉપર આવેલ આનંદ વાડી પાછળ ગોપાલ નગરમાં બાબુભાઈ ભાનુંભાઈ બાંભણિયાના કબજાવાળુંમકાનેરેડ કરતારૂપિયાની હાર જીતનોજુગાર રમતા બાબુ ભાનુભાઈ બાંભણિયા,મોસીન અયુબભાઈ દિવેલિયા, નિર્મળ રામસી શિંગડ, દિનેશ કાળુંભાઈ સોલંકી, મહેશ લખમણ સોલંકી, સંદીપ ભીખાભાઈ કેસર, ભાવિક હરિભાઈ ગંગદેવ, દાનીસ સલીમ કુરેશી, હાસિમ રફીક દિવેલીયા, કાનજી ઉર્ફે કાનો દેવસી ચુડાસમા રે. ઊના તમામને રોકડા રૂપિયા ૧ લાખ ૨ હજાર ૧૮૦ અને ચાર મોટર સાયકલ રૂપિયા ૧ લાખઅને મોબાઈલ ફોન નગ ૪ રૂપિયા ૭૯૦૦૦કબ્જે કરેલ અનેમકાનમાં તપાસ કરતા રૂમમાં રાખેલ પરપ્રાંતની ઈંગ્લીશ દારૂની એક બોટલઅનેબિયરનાટીન ૧૭નગ રૂપિયા ૨૫૨૦/નો મળી આવતા બાબુભાનુંબાંભણિયારે. ઊના સામે પ્રોહીબીશનનો ગુનોદાખલ કરી કુલ રૂપિયા ૨,૮૩,૭૦૦/નો મુદ્દામાલ કબ્જે કરી જુગાર અને દારૂબંધીનો કેસ દાખલ કર્યો હતો.

# જૂનાગઢ જીલ્લા સંધી મુસ્લીમ સમાજ ટ્રસ્ટની સાધારણ સભા મળી : જીલ્લા પ્રમુખ તરીકે હુસેનભાઈ દલની સર્વાનુમતે વરણી



જૂનાગઢ, તા.૮

તાજેતરમાં તા. ૬/૮/ ૨૦૨૩નાં રોજ જૂનાગઢ પાસે ચોબારી મુકામે જૂનાગઢ જીલ્લા સંધી મુસ્લીમ સમાજની વાર્ષિક સાધારણ સભા મળી હતી. જેમાં જીલ્લા પ્રમુખની પસંદગી કરવા ચર્ચા વિચારણાના અંતે આ સાધારણ સભાના અધ્યક્ષ અલીભાઈ સાંધ (કેશાદ)એ જીલ્લા પ્રમુખ તરીકે હુસેનભાઈ દલ (માણાવદર)ને નિયુકત કરવા દરખાસ્ત કરી હતી. જેને રજાકભાઈ હાલા (જુનાગઢ કોર્પોરેટર) એ અને મુસાભાઈ વિશળ (ભેસાણ) એ તથા જાફરભાઈ સેતા (માણાવદર) એ ટેકો જાહેર કર્યો હતો. હાજર રહેલ સાધારણ સભાના સભ્યોને દરખાસ્તની તરફેણમાં હાથ ઉંચા કરી મતદાન કરવા જણાવતાં હાજર તમામ સભ્યો એ દરખાસ્તની તરફેણ+માં હાથ ઉંચા કરી જીલ્લા પ્રમુખ તરીકે હુસેનભાઈ દલની વરણી કરવા સર્વાનુમતે ઠરાવ પસાર કર્યો હતો.આ બેઠકમાં જૂનાગઢ જીલ્લા કારોબારી સમિતિના પૂર્વ હોદેદારો/સભ્યો અને સાધારણસભાના સભ્યો હાજર રહ્યા હતા. જુનાગઢ જીલ્લા ઉપરાંત અમરેલી, રાજકોટ, પોરબંદર, ગીર સોમનાથ જીલ્લાના સમાજના હોદેદારો/ આગેવાનો હાજર રહ્યા હતા.

આ બેઠકનું સંચાલન જૂનાગઢ શહેર પ્રમુખ ડો.હારૂનભાઈ વિહળે કર્યું હતું. સ્વાગત પ્રવચન પૂર્વ મહામંત્રી હુસેનભાઈ સીડા એ કર્યું હતું. ડો.દોલકીયા , ડો. હિંગોરા , એન્જિનિયર ઈસ્માલભાઈ દલ, એડવોકેટ જીશાનભાઈ હાલેપૌત્રા, નિવૃત પ્રિન્સિપાલ હાસમભાઈ હિંગોરા, વલીભાઈ દલ, બોદુભાઈ હાલેપૌત્રા, અમરેલીના યુવા આગેવાન પરવેઝભાઈ સુમરા વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. નવનિયુકત પ્રમુખ હુસેનભાઈ દલ એ આભાર પ્રવચનમાં પોતાને સર્વાનુમતે જીલ્લા પ્રમુખની જવાબદારી સોંપવા બદલ જુનાગઢ જીલ્લાના તમામ આગેવાનો અને સૌરાષ્ટ્રભરમાંથી આવેલા આગેવાનો નો આભાર માની પોતાના ઉપર સમાજે મુકેલ ભરોસામાં પોતે ખરા ઉતરવા તમામ પ્રયત્નો કરશે એમ જણાવી આગેવાનો ને ખંભાથી ખંભા મિલાવી કામ કરવા અને સહકાર આપવા અપીલ કરી હતી.જીલ્લા પ્રમુખ તરીકે હુસેનભાઈ દલની નિયુકિતને જૂનાગઢ જીલ્લાભરના અને સૌરાષ્ટ્રભરના તમામ આગેવાનો એ એક સુરે સહર્ષ વધાલી લઈ નવનિયુક્ત પ્રમુખ હુસેનભાઈ દલનું હાર તોરા, પુષ્પ ગુચ્છથી અને સાલ ઓઢાડી સન્માન કર્યું હતું. આ બેઠકમાં સૌરાષ્ટ્રના આગેવાનો એ "ગુજરાત સંધી મુસ્લીમ સમાજ મહાપંચાયત" ની રચના અંગે ચર્ચા કરી હતી. હવે પછી જીલ્લાના તમામ તાલુકાનો પ્રવાસ કરી, સમાજની વસ્તીના ધોરણે દરેક તાલુકામાંથી નામો મેળવી, નવી કારોબારીની રચના કરવામાં આવશે એમ નવનિયુક્ત પ્રમુખ હુસેનભાઈ દલ એ જણાવ્યું હતું.

# માંગરોળ એકતા ફાઉન્ડેશન દ્વારા મેગા બ્લડ કેમ્પનું આયોજન, ૧૬ થી વધુ દાતાઓએ કર્યું રક્તદાન

(નિલેશ રાજપરા દ્વારા)



માંગરોળ તા.૭

માંગરોળ ખાતે એકતા ફાઉન્ડેશન, શ્રી રામ બ્લડ બેંક અને ભાવસિંહજી સરકારી બ્લડ બેંક પોરબંદરના સંયુક્ત ઉપક્રમે મેગા રકતદાન કેમ્પ બસસ્ટેન્ડ નજીક ઘાંચી સ્વંય સેવક સંઘ ખાતે યોજાયો હતો. ભારત દેશની આઝાદીની લડાઈમાં શહીદ થયેલા સ્વતંત્રતાની લડાઈમાં શહીદ થયેલા શહીદો અને સત્ય અને માનવતા માટે શહીદ થયેલા કરબલા ના શહીદોની યાદમાં આ મેઘા કેમ્પનું આયોજન થયું હતું. આ કેમ્પ માં રાજકીય સામાજિક આગેવાનો વેપારી અગ્રણીઓ પત્રકારો સહિત લોકોએ હાજરી આપી હતી. ઉપસ્થિત આગેવાનો હસ્તે તમામ રકતદાતાઓને પ્રમાણ આપવામાં આવ્યા હતા કેમ્પને સફર બનાવવા એકતા ફાઉન્ડેશન ના તમામ સભ્યોએ ભારે જહેમત ઉઠાવી સુંદર આયોજન કરાયું હતું.

# ગુજરાત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ અમદાવાદ ખાતે આત્મહત્યા સમાજ વૈજ્ઞાનિક પરિપેક્ષ વિષયક રાષ્ટ્રીય પરીસંવાદ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

ભેંસાણ તા.૮

તાજેતરમાં તારીખ ૫-૮-૨૦૨૩ને શનિવારના રોજ ગુજરાત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ અમદાવાદ ખાતે આત્મહત્યા : સમાજ વૈજ્ઞાનિક પરિપેક્ષ વિષયક રાષ્ટ્રીય પરીસંવાદ યોજાયો હતો. આ પરિસંવાદના મુખ્ય મહેમાન તરીકે "સાથ" સંસ્થાના ફાઉન્ડર અંજુ શેઠ તેમજ જીવન આસ્થા હેલ્પલાઈન ગાંધીનગરના લાયઝન ઓફિસર વાલેરા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહી પોતાનાં વકતવ્યો રજૂ કર્યા હતા. પ્રસિદ્ધ સમાજશાસ્ત્રી ડો. વિદ્યુત જોશી, ઈતિહાસકાર ડો. મહેબૂબ દેસાઈ, ડો. ગણેશ ત્રિપાઠી અને મનોવિજ્ઞાનના તજજ્ઞ ડો. રસિક મેઘનાથી વગેરે તજજ્ઞોએ આત્મહત્યા ઉપર પોતાના વિષય પરત્વેના પરિપ્રેક્ષ્યથી વિચારો રજુ કર્યા હતા. આ પરિસંવાદમાં ગુજરાત ભરમાંથી બહોળી સંખ્યામાં પ્રાધ્યાપકો તથા સંશોધકો ઉપસ્થિત રહીને જુદા જુદા પરિપ્રેક્ષ્ય સાથે પોતાના સંશોધન પેપરોની પ્રસ્તુતિ કરી હતી. આમ વર્તમાનસમયમાં ખૂબ જ ગંભીર બનતી જતી આત્મહત્યાની સમસ્યા ઉપર દિવસભર ચિંતન મનન કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્ય ડો. હિમ્મત ભાલોડિયાના માર્ગદર્શન હેઠળ આ સમગ્ર પરીસંવાદનું આયોજન સંકલન અને સંચાલન IQAC અને સમાજશાસ્ત્ર, ઈતિહાસ, મનોવિજ્ઞાન અને અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા સુચારૂ રીતે કરવામાં આવ્યું હતું.

## સબ કા હાથ.. સબ કા સાથ.. પછી... સબ કા સાથ.. સબ કા વિકાસ !

# દેવભૂમિ દ્વારકામાં પોલીસ દ્વારા પકડાયું બાયો દારૂનું નેટવર્ક

### દેશી દારૂના પ્રમાણમાં બાયો દારૂની ઓપરેન્ડીમાં ઉત્પાદાન-હેરાફેરિ-વેચાણ અને તંત્રને હપ્તાની વહેંચણીમાં અનુકૂળતા મુખ્ય કારણ જણાય છે : "શું દેશી દારૂનું નવું વર્જન બાયો દારૂ બન્યું છે ?

(સુરેશચંદ્ર ધોકાઈ દ્વારા)

દ્વારકા તા.૮








સૌરાષ્ટ્રના રાજકોટમાં એપી સેન્ટર ધરાવતા અને છેલ્લા પખવાડીયાથી બહાર આવેલ અનેદેવભૂમિ દ્વારકાનાએસ.પી. દ્વારા ખંભાળીયામાંથી પકડેલા મોટા નેટવર્ક બાદ આ વ્યવસાયની ખુદ તંત્ર અને બુટલેગરોમાં ચાલતી ચર્ચા મુજબ પેટ્રોલિયમ પ્રોડકટ ડીઝલના વિકલ્પ તેવા બાયો ડીઝલ પ્રમાણેના દેશી દારૂના વિકલ્પ તેવા બાયો દારૂના છેલ્લા થોડા વર્ષોથી સૌરાષ્ટ્રમાંવ્યાપેલા નેટવર્ક પાછળ બહાર આવેલ અને જાહેરમાં ચર્ચાતી વિગતો મુજબ રાજ્યમાં ફક્ત સરકારી કાગળ ઉપર દારૂ બંધી અમલી છે. પરંતુ મોટા પ્રમાણ નજીકના રાજયો-કેન્દ્ર શાષિત પ્રદેશો-બોન્ડ હાઉસ-સુરક્ષા દળોના સેન્ટરો ઉપરથી દરરોજ કરોડો રૂપિયાનો દારૂ રાજ્યમાંઠલવાય છે અને પીવાય છે. પરંતુ આર્થિક નબળી વ્યકતિઓને તે પરવડે નહીં ત્યારે તેમના દ્વારા સસ્તો દારૂની માંગ ઉઠતા બુટલેગરો દ્વારા વ્યાપારિક નિયમ માલ લેવા આવેલ ગ્રાહક પાછો ના જાયતે ન્યાયે દેશી દારૂ સ્થાનિક કક્ષા એ તેના ઉત્પાદન વેચાણની વ્યવસ્થા સ્થાનિક તંત્રના સહયોગથી ચાલુ કરતા તેનો ઉપયોગ રોજબરોજ વધુને વધુ થવા લાગતા તેના રો મટીરીયલ્સ જેવા દેશી ગોળની ડિમાંડ વધતા તેમાં નીત નવા સંશોધનો દ્વારા ટૂંકા સમયમાં અનેસસ્તો મહેનત વગર બનતો કેમિકલ દારૂ ચાલુ થયેલ ત્યારે વૈજ્ઞાનિક ડારવીનના ઉત્ક્રાંતીના સિદ્ધાંત મુજબ અહીં પણ દેશી દારૂના ઉત્પાદાનને ઓધોગિક સ્વરૂપ આપવાની નોન સાયન્ટિફિક પણ ટેક્નોલોજીના ભરપૂર ઉપયોગ સમાં બાયો દારૂનુંઉત્પાદાન બુટલેગરોદ્વારા કરવામાં આવતા આ આખો દેશી દારૂનો ઉત્પાદાન-હેરાફેરિ-વેચાણને કાયદાકિય રક્ષણ આપવા બુટલેગરો દ્વારા દેશ અમલી ડ્રગ્સ એન્ડ કોસમેંટિક એકટ ૧૯૪૦ના એક નિયમ મુજબ આયુર્વેદિક દવાના ફક્ત ઉત્પાદાન માટે તંત્રની પરવાનગી જરૂરી છે પણ તેના હોલસેલ કે છૂટક વેચાણ માટે કોઈ પરવાનગી જરૂરી ના હોય આ બાયો દારૂને આયુર્વેદિક આસવના નામે બિન અધિકૃત ઉત્પાદાન અને વેચાણ કરવાનું બુટલેગરો એ ચાલુ કરતા અહીં બુટલેગરોને વધુ આર્થિક નફો અને કાયદાનું ખોટું પ્રોટેકશન મળવા લાગતા છેલ્લા થોડા વર્ષોથી સૌરાષ્ટ્રમાં ફૂલવા ફામવા પામેલ. જેની પાછળના કારણોમાં અગાઉ દેશી દારૂના ઉત્પાદાનમાં ફકત સ્થાનિક પોલીસ તંત્રને ઉત્પાદાન અને વેચાણ કરનારા પાસેથી જ આર્થિક લાભ મળતો પરંતુ પોતાના ઉપલા અધિકારીઓનો ડર સાતાવતો... જ્યારે આ બાયો દારૂની કિંમત ઊંચી હોય હપ્તાની રકમ પણ મોટી મળવા લાગેલ... જયારે સ્થાનિક કક્ષા એ ઉત્પાદાન થતું ના હોય ઉચ્ચ અધિકારીઓ દ્વારા તેમના ઉપર કાર્યવાહીનો ડર સમાપ્ત થયો. વધુમાં અગાઉ બિન અધિકૃત આવક પણ સ્થાનિક રહેતી હોય ઉપરથી ગમે ત્યારે દરોડા પડવાનો સતત ભય રહેતો. જ્યારે અહીં આ બાયો દારૂનું ઉત્પાદાન થતું હોય ત્યાંના તંત્રને- હેરાફેરી થતી હોય તે વિસ્તારના તંત્રને અને જ્યાં જ્યાં વેચાણ થતું હોય ત્યાના તંત્રને તેમ મળી કુલ સબ કાં હાથ... સબ કા સાથ અને પછી સબ કા સાથ... સબકા વિકાસ હકીકત બનતી હોય આ બાયો દારૂનો વ્યવસાય અને વ્યાપ વધ્યો હોવાનું ખુદ તંત્ર ખાનગીમાં કબૂલે છે... જે સત્ય અને શરમજનક હકીકત પ્રવર્તી રહ્યાનું નાકારી શકાતું નથી.

# સાસણમાં જંગલના રાજા સિંહને નિહાળવાનો અદભૂત લ્હાવો પ્રવાસી જનતાને મળી રહયો છે

## જંગલના કુદરતી વાતાવરણ વચ્ચે વિહરતા સિંહોના દર્શન સાથે જ એક ગજબનાક થ્રીલનો અનુભવ થાય છે : આગામી તા. ૧૦ ઓગસ્ટના જૂનાગઢ સહિત ૮ જીલ્લામાં વિશ્વ સિંહ દિવસની થશે ભવ્ય ઉજવણી : અનેકવિધ કાર્યક્રમોનુ આયોજન





જૂનાગઢ તા. ૮

જંગલના રાજા વનરાજ એટલે કે સિંહને ત્રાડો નાખતો કાં તો ભૂતકાળમાં સરકસમાં જોવા મળતો હોય અથવા તો ફિલ્મમાં જોવા મળતો હોય... પરંતુ દશફુટના કે પાંચ ફુટના અંતરે સિંહ પરીવારને નજીકથી નિહાળવો એ અદભૂત અને અનેરો અનુભવ છે. અને આવું એક માત્ર ગુજરાતના જૂનાગઢ નજીક ગીરના જંગલોમાં શકય બને છે. સાસણ ખાતે અભ્યારણ્યમાં વિહરતા સિંહોને નિહાળવા માટે દેશભરના પ્રવાસીઓ ઉમટી પડતા હોય છે.

જૂનાગઢ સહિત ૮ જીલ્લામાં આગામી તા. ૧૦ ઓગસ્ટના રોજ વિશ્વ સિંહ દિવસની અનેકવિધ કાર્યક્રમો દ્વારા ઉજવણી કરવામાં આવશે અને જે અંગેની તૈયારીને ઓપ આપવામાં આવી રહયો છે.

ગીરના જંગલોમાં વિહાર કરતા વનરાજની ત્રાડેથી જંગલ ગુંજી ઉઠતુ હોય છે અને કુદરતી વાતાવરણમાં વિહરતા સિંહ પરીવારને સાવ નજીકથી નિહાળવાનો પણ અનેરો અને અદભૂત લ્હાવો ગણી શકાય. અને લ્હાવો લેવા માટે દેશભરના પ્રવાસી જનતા ગીર અભ્યારણ્ય ખાતે આવી પહોંચે છે જયાં ગીરની શાન સમા સિંહોને સાવ નજીકથી નિહાળે છે. અને રોમાંચની લાગણી અનુભવે છે. સિંહોની ડણક વિશ્વભરમાં સંભળાય છે એવા ગીરની શાન સમા સિંહોનો ૧૦ ઓગસ્ટના રોજ વિશ્વ સિંહ દિવસ તરીકે ઉજવણી કરવામાં આવશે. વન્ય પ્રાણી અધિકારી વિભાગના આરાધના શાહુએ જણાવ્યું હતું કે જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, રાજકોટ, સુરેન્દ્રનગર, બોટાદ તેમજ પોરબંદર સહિતના ૮ જીલ્લાઓમાં વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવશે. ૧૦ ઓગસ્ટના રોજ સાસણ ગીર ખાતે સિંહના મુખુટા પહેરેલ વિદ્યાર્થીઓની રેલી યોજાશે. અને ત્યારબાદ સિંહ સદનમાં આવેલ એક હોલમાં સેમીનારનુ આયોજન કરવામાં આવેલ છે. આ સેમીનારમાં ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી વિશ્વસિંહ દિવસની શુભકામના અને ગીરના સિંહોને સંરક્ષણ અને સંવર્ધન અંગે સંદેશો આપશે. વિશ્વસિંહ દિવસ નિમિત્તે વિદ્યાર્થી ભાઈ-બહેનો દ્વારા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે. સિંહો પ્રત્યેની જાગૃતિ વિષે સમજણ આપવામાં આવશે. તેમજ રાજય સરકાર અને વન વિભાગ દ્વારા વિશ્વ સિંહ દિવસની ઉજવણી અંતર્ગત તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. અત્રે નોંધાનીય છે કે એશિયાટીક સિંહોની જયાં વસ્તી છે તેવા ગીર વિસ્તારમાં સિંહોની ડણક સંભળાય રહી છે. અને ખાસ સિંહ દર્શન માટે દેશભરના પ્રવાસીઓ મોટી સંખ્યામાં વર્ષ દરમ્યાન ઉમટી પડતા હોય છે. સિંહોના દર્શન માટે અને પ્રવાસી જનતાની સુવિધા માટે વન વિભાગ દ્વારા આગવી વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે. ઓનલાઈન પરમીટની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. અને ખાસ સ્પેશ્યલ વાહન દ્વારા ગીરના જંગલ વિસ્તારોમાં અને અભ્યારણ્યમાં પ્રવાસી જનતાને કેળવાયેલા સ્ટાફ દ્વારા લઈ જતા હોય છે અને જયાં પાંચ ફુટના અંતરે સિંહોના દર્શન થતા હોય છે. અને પ્રવાસી જનતા સિંહ દર્શનથી અનેરી થ્રીલ અનુભવે છે. આપણું ગુજરાત ખાસ કરીને જૂનાગઢ જીલ્લો અને ગીર સોમનાથ જીલ્લો સિંહની ડણકથી જયારે ગુંજતો રહે છે ત્યારે દેશભરમાં વનરાજના રહેઠાણ એવા ગીર વિસ્તારમાં દહાડતા જંગલના રાજા કેસરી ગુજરાતને ગૌરવ અપાવે છે. છેલ્લા ઘણા સમય થયા ગુજરાત સરકારના માર્ગદર્શન હેઠળ વન વિભાગ દ્વારા સિંહોની દેખરેખ તેમની સલામતી અને સુરક્ષા માટેના અનેકવિધ પગલાઓ લેવામાં આવ્યા છે. સિંહોના અપમૃત્યુંના બનાવો અટકાવવા માટે તેમજ ગંભીર પ્રકારની બિમારીથી પણ સિંહોને ઉગારી લેવા માટે એક વિશેષ વ્યવસ્થા ગોઠવવામાંઆવી છે. ઉનાળાના દિવસોમાં પણ પાણીની તરસ છીપાવવા માટે સિંહ પરીવાર માટે અને જંગલના પ્રાણીઓ માટે વન વિભાગ દ્વારા ખાસ પાણીની સુવિધા ઉભી કરવામાં આવે છે. અને સમયાંતરે પાણીના પોઈન્ટ ઉભા કરવામાં આવે છે. આમ સિંહોના રક્ષણ અને સુરક્ષા માટે અનેકવિધ પગલાઓ લેવાઈ રહયા છે.

# જૂનાગઢ શહેર-જીલ્લામાં પોલીસની મેગા ઓપરેશન ડ્રાઈવ : ૨૫૯ વિરૂધ્ધ કાર્યવાહી




રેન્જ આઈજીપી નીલેશ જાજડીયા અને જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાના માર્ગદર્શન હેઠળ પોલીસનો સપાટો

જૂનાગઢ તા.૮

જૂનાગઢ શહેરમાં પોલીસ તંત્ર દ્વારા મેગા સર્ચ ઓપરેશન ડ્રાઈવ હાથ ધરવામાં આવેલ જેમાં ૨૫૯ શખ્સો વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરતા ખળભળાટ મચી જવા પામેલ છે. શહેરમાં પાન-ગલ્લા, ચાની કીટલી સહિતની જગ્યા કે જયાં શંકાસ્પદ ઈસ્મો અસામાજીક તત્વોની બેઠક થતી હોય છે ત્યાં મહંદઅંશે ગુનાનું ષડયંત્ર ઘડાતું હોય છે. બાદમાં આવા સ્થળોએ ચેકીંગ ડ્રાઈવ કરવા રેન્જ આઈજીપી નિલેશ જાજડીયા, એસપી હર્ષદ મહેતાની સુચના અને ડીવાયએસપી હિતેષ ધાંધલ્યાના માર્ગદર્શનમાં મેગા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. અસામાજીક તત્વોની જયાં ઉઠક બેઠક હોય છે ત્યાં ચેકીંગ કરાયું હતું. આ ચેકીંગ દરમ્યાન વિવિધ ગુનામાં ૨૫૯ ઈસમો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. ચેકીંગ દરમ્યાન ખાસ કરીને નિર્દોષ લોકો તેમજ વિવિધ ધંધાર્થીઓને હેરાનગતિ ન થાય તેની પણ તકેદારી રખાઈ હતી.

નંબર પ્લેટ ન હોય અથવા આરટીઓ માન્ય નંબર પ્લેટ ન હોય તેવા સામે ૬૦, કાળા કાચના વાહન ચાલકો સામે ૬૭, પીધેલા સામે ૨૭, નશો કરીને વાહન ચલાવનારા સામે ૧૫, હથિયાર ધરાવનાર સામે ૩, પુરપાટ ઝડપે વાહન ચલાવનાર સામે ૨૦, જાહેરમાં સ્મોકીંગ કરનાર સામે ૨, સિગારેટ પેપરના ૩, તમાકુ અધિનિયમના ૪૫, પકડ વોરંટના ૮, અન્ય ગુનાના ૬, અને એનસી કેસના ૧૧ મળી કુલ ૨૫૯ ઈસમો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

# જૂનાગઢમાં રૂપિયા ૧૩.૫૦ લાખની વિશ્વાસઘાત અને છેતરપીંડીની પાંચ સામે પોલીસ ફરીયાદ

જૂનાગઢ તા.૮

જૂનાગઢના ખામધ્રોળ રોડ કેમ્બ્રીજ સ્કુલ પાસે યમુના પાર્ક શેરી નં.૩માં રહેતા યોગેશભાઈ રાજાભાઈ ચાવડા(ઉ.વ.૪૦)એ દિલીપકુમાર મોમનરામ રહે.ગંગાનગર સંઘાર રાજસ્થાન, ટેકચંદ રહે.પવઈ રાજસ્થાન, તરસીમ રાણા, નાવીન શર્મા, અશોક રાણા રહે.ત્રણેય કરનાલ હરીયાણા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આ કામના ફરીયાદીને આ કામના આરોપીઓએ અલગ અલગ સમયે ફોન કરી પોતાની કંપનીમા રોકાણ કરી તેની ડીપોઝીટની રકમ ભરી ત્યારબાદ તેની કંપનીમાથી બ્રાન્ડેડ કંપનીના કપડા તથા એલ.ઈ.ડી.ટી.વી. તથા લેપટોપ આપશે અને તેમા સારૂ એવુ વળતર મળશે તેવી લોભામણી સ્કીમો આપી કંપની ઉભી પોતે કંપનીના ડાયરેકટરો તેમજ કમીશન એજન્ટો છે તેવી ઓળખાણો આપી ફરીયાદી પાસેથી અલગ અલગ સમયે બેંક મારફતે તેમજ રૂબરૂ રૂા.૧૩,૫૦,૦૦૦/- મેળવી ફરીયાદીને કોઈ માલ નહી મોકલી કે ફરીયાદીના પૈસા પરત નહી આપી જે પૈસા ઓળવી જઈ કરી વિશ્વાસઘાત છેતરપીંડી કરી તેમજ ફરીયાદીને ફોનમા ભુંડી ગાળો તેમજ ધમકીઓ આપી તમામ આરોપીઓએ એકબીજાને મદદગારી કર્યા અંગેની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ તાલુકાના ઈવનગરથી લુવાસર જતા માર્ગ ઉપરથી દારૂ ઝડપાયો : બે સામે કાર્યવાહી

જૂનાગઢ તા.૮

જૂનાગઢ તાલુકા પોલીસે ચોકકસ બાતમીના આધારે ઈવનગર ગામેથી લુવાસર જતા માર્ગ ઉપરથી એક હીરો સપ્લેન્ડર મોટર સાયકલ ઝડપી લઈને વિદેશી દારૂ ઝડપી લઈ બે સામે કાર્યવાહી હાથ ધરી.

આ બનાવ અંગે જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ વિપુલ મેરામભાઈએ રીજવાનભાઈ ઓસમાણભાઈ અબડા રહે.શાપુર અને હાજર નહી મળી આવેલ ફેજલ નૌસાદભાઈ અબડા રહે. સંજયનગરવાળા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આ કામના આરોપીએ પોતાના હવાલાની કાળા કલરની લાલ તથા સફેદ પટા વાળી નંબર વગરની હીરો સ્પેન્ડર પ્લસ મો.સા નંબર વગરની પોતાની પાસે રહેલ એક કાળા કલરની બેગમા ભારતીય બનાવટનો ઈગ્લીશ પીવાનો દારૂ બેગપાઈપર ડીલક્ષ વિસ્કી ૭૫૦ એમ.એલ ફોર સેલ ઈન યુ.ટી.ઓફ દાદરા એન્ડ નગર હવેલી એન્ડ દમણ એન્ડ દીવ ઓન્લીની બોટલ નંગ-૧૦ એક બોટલ ની કિ.રૂ.૪૦૦/- લેખે બોટલ નંગ-૧૦ ની કિ.રૂ.૪૦૦૦/-નો મુદામાલ તથા કાળા કલરની લાલ તથા સફેદ પટા વાળી નંબર વગરની હીરો સ્પેન્ડર પ્લસ મો.સા ચેસિસ નંબર MBLHAW 110M5C34239 તથા એન્જીન.નં. HA11 EVM5C04404 વાળીની કિ.રૂ.૪૦૦૦૦/- મળી કુલ કિ.રૂ.૪૪૦૦૦/-ના મુદામાલ સાથે હેરાફેરી કરી રેઈડ દરમ્યાન પકડાઈ જઈ તથા હાજર નહી મળી આવેલ ફૈજલ નૌસાદભાઈ અબડા રહે.સંજયનગર ગાંધી ગ્રામ રેલ્વે ફાટક પાસે જુનાગઢ વાળાએ આ ભારતીય બનાવટનો ઈગ્લીશ પીવાનો દારૂ બેગપાઈપર ડીલક્ષ વિસ્કી બોટલો નંગ-૧૦નો મુદ્દામાલ પુરો પાડી ગુન્હો કરવામા મદદગારી કર્યાની ફરીયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ગીરનાર રોપવેની જાળવણી હાલ મોકૂફ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૮

ગિરનાર રોપવે મેઈન્ટેનન્સ શટડાઉન, જે મૂળ ૭મી ઓગસ્ટથી ૧૧મી ઓગસ્ટ સુધી સુનિશ્ચિત કરવામાં આવ્યું હતું તે પ્રતિકૂળ હવામાનને કારણે મુલતવી રાખવામાં આવ્યું છે. શટડાઉન માટેની નવી તારીખો ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. કોઈપણ અસુવિધા માટે અમે દિલગીર છીએ તેમ પ્રાદેશિક હેડ દીપક કપલીસની યાદીમાં જણાવેલ છે.

# જૂનાગઢમાં જર્જરિત ઈમારતોનો ઉતારેલ કાટમાળ રસ્તા ઉપર અકસ્માતને આમંત્રણ : લોકોને મુશ્કેલી



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૮

જૂનાગઢ મહાનગરમાં ગત દિવસોમાં બનેલ કરૂણાંતિકાને લઈ મનપા તંત્ર હરકતમાં આવી અનેક જૂની ઈમારતોને નોટિસ ફટકારી જર્જરિત ઈમારતો ઉતારવામાં આવી રહેલ છે. પરંતુ આ ઈમારતોનો કાટમાળ ઉતારી જેતે સ્થળ ઉપર જ રાખી રસ્તા વચ્ચે જ પડેલ હોવાનું બહાર આવેલ છે ઘણી ઈમારતો ઉતર્યાના એક સપ્તાહ થવા આવેલ હોવા છતાં જેતે કાટમાળના કારણે રસ્તામાં ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાઈ રહ્યા છે અને અન્ય અકસ્માતની રાહ જોઈ રહેલ છે. જેમાં જવાહર રોડ, ઉપરકોટ, સુખનાથ ચોક સહિતના અન્ય વિસ્તારોમાં જર્જરિત ઈમારતોની કાટમાળ રસ્તાની વચ્ચે જ પડેલ હોવાથી શહેરીજનો મુશ્કેલી અનુભવી રહ્યા છે. તાકીદે આ સમસ્યાનો નિરાકરણ આવે તે જરૂરી છે અન્યથા વધુ એક અઘટિત ઘટના સામે આવશે તેવું ચર્ચાઈ રહ્યું છે.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. ૬૫૦૦* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

'ફલાય ફાસ્ટ' પાર્સલ સર્વિસ હવે આપના દ્વારે 'સૌરાષ્ટ્ર ભૂમિ' દૈનિક સાથોસાથ
એક નવું સોપાન કુરિયર ક્ષેત્રમાં એક નવી ઉડાન
સૌરાષ્ટ્ર ભૂમિ FlyFast POWERED BY SAURASHTRA BHOOMI પાર્સલ સર્વિસ.
દરરોજ સવારે બરાબર ૧૧.૩૦ વાગ્યે
જૂનાગઢથી રવાના થશે
એ જ દિવસે ડિલિવરી...
જૂનાગઢથી
કેશોદ વેરાવળ પ્રાંચી કોડીનાર ઉના દીવ
સંપર્ક કરો: ૯૯૦૯૭ ૦૬૪૬૪
ફલાય ફાસ્ટ, સૌરાષ્ટ્રભૂમિ મીડિયા હાઉસ, જેલ રોડ, જૂનાગઢ